॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ 'પ્રકાશના પંથે'નો—પ્રકાશનદિન ॥

## [તા.૨૪ ડિસેમ્બર ૧૯૭૭]

### ॥ આધ્યાત્મિક જગત માટે પરમ પવિત્ર દિવસ ॥

તા.૨૪મીની રાતથી જ વંચાવા માંડેલો મહાગ્રંથ 'પ્રકાશના પંથે' તા.૨૯મીએ પૂર્ણ થઈ જતાં 'મા'ને થયું: 'આ પ્રગટ પ્રભુ સ્વયં પૃથ્વી ઉપર આપણા માટે જ પધાર્યા છે. એમનો અખંડ સહવાસ પ્રાપ્ત થઈ જાય તો ? એમના શ્રીચરણે અખંડ નિવાસ કરવા જેવો છે.'

**—'મા' સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | ગ્રંથવંદના | તરલા દેસાઈ | ૮ |
| ૨. | 'પ્રકાશના પંથે'ના કર્તાનું પ્રયોજન | સંકલન | ૧૫ |
| ૩. | શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૧૭ |
| ૪. | 'વિરલ વિભૂતિ' : શ્રી યોગેશ્વરજી | શ્રી નિશા પંડ્યા | ૧૮ |
| ૫. | 'બિંદુ'નાં અવિસ્મરણીય બાળગીતો | ડૉ. અરુણા ઠાકર | ૨૧ |
| ૬. | શ્રી સાંઈબાબા | સંપાદન | ૨૯ |
| ૭. | શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૩ |
| ૮. | યોગમાં માનવસંબંધો | શ્રી અરવિંદ❋ | ૪૧ |
| ૯. | પ્રભુને જ બધું સમર્પી દો | શ્રી માતાજી❋ | ૪૨ |
| ૧૦. | સનાતન પ્રેમીની પ્રાપ્તિ | શ્રી બાપજી | ૪૪ |
| ૧૧. | 'મિત્ર' : જીવનની સંપદા | શ્રી કલ્યાણજી | ૪૬ |
| ૧૨. | શ્રી યોગેશ્વરજીનો સીધો સત્સંગ | શ્રી કનૈયાલાલ ઝીંઝુવાડ્યા | ૪૭ |
| ૧૩. | દશારથાચલ-જપયાત્રા | શ્રી ચંદ્રકાન્ત પટેલ | ૪૯ |
| ૧૪. | યોગી શ્રીકૃષ્ણપ્રેમ | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૫૪ |
| ૧૫. | પામવા પરમને તજ પામરતા | શ્રી પ્રભા મરચન્ટ | ૫૬ |
| ૧૬. | પિતાનું પ્રાયશ્ચિત | શ્રી લિવિંગસ્ટન | ૫૮ |
| ૧૭. | એક ઝેનકથા | શ્રી નીલરત્ન દેસાઈ | ૬૧ |
| ૧૮. | હે કૃપાળુ ! | પ્રભુમિલનભક્તિગ્રૂપ, મુંબઈ | ૬૩ |


❋ ઋણસ્વીકાર : 'જ્યોતિર્ગમય' શ્રી મકરન્દ બ્રહ્મા

# નિવેદન : સ્મરણવંદના

સમયદેવતાની કૃપા હોય એમ ડિસેમ્બરની ત્રણ તારીખો (૨૪, ૨૫, ૩૦) જાણે બિલિપત્ર બનીને 'અધ્યાત્મ'નો અભિષેક કરી રહે છે. એ મંગલ ક્ષણને સત્કારવા શબ્દો 'કંકુ-ચોખા' કેમ ન બને ?

તા.૨૪ ડિસે. ૧૯૭૭ શ્રી યોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે' આત્મકથાનું પ્રકાશનપર્વ !. એ કૃતિની પ્રસિદ્ધિ આજે ૪૦-૪૦ વર્ષ પછી પણ 'ક્ષણે ક્ષણે જે નવતા ધારે એ રમણીયતાનું રૂપ' એ ન્યાયે નવાં-નવાં દર્શન-અભિગમ-મૂલ્યાંકનોથી સતત અજવાસ રેલાવી રહી છે.

આશરે બે હજાર વર્ષ પહેલાંની ૨૫ ડિસેમ્બરે ઈઝરાયલના બેથલહેમમાં પ્રભુ ઈસુ દુનિયાને માટે 'અવિરત પ્રેમનો સંદેશો' લઈને આવ્યા હોવાથી તેઓ 'ઈસુ' અર્થાત્ 'ઈશ્વરના શબ્દ' કહેવાયા. જ્યાં જ્યાં કરુણા છે, ક્ષમા છે, માનવ માનવ વચ્ચે પ્રેમ છે ત્યાં પ્રભુનું સામ્રાજ્ય છે, ઈસુનું આધિપત્ય છે. વધસ્થંભે ચડાવાયેલો ઈસુનો દેહ આત્મા (દેહાતીત) બનીને વધુ ને વધુ ચમકી રહ્યો છે. શાશ્વત પ્રકાશરૂપે સોહી રહ્યો છે.

તા.૩૦ ડિસે. ૧૮૭૯ના રોજ 'હું શરીર નથી, આત્મા છું.' 'આત્મા-ગુરુ-ઈશ્વર એક જ છે.' એ ધ્રુવવાક્ય પર અટલ 'અધ્યાત્મના એવરેસ્ટ', મૌન અને શાંતિના મૂર્ત સ્વરૂપ એવા શ્રી રમણ મહર્ષિનો મદુરાથી ત્રીસેક માઈલ દૂર, તિરુચલ્લી



ગામમાં જન્મ. ૧૭ વર્ષની વયે અરુણાચલ આવી, અડધી સદી સુધી મનુષ્ય તરીકે વ્યક્તિત્વરહિત, અહમ્‌રહિત જીવન જીવી, ચિન્મય જ્ઞાનવસ્વરૂપે માનવતાની પરિપૂર્ણતા સિદ્ધ કરી, આપણને પ્રતીતિ કરાવી રહ્યા છે કે, 'હું બીજે ક્યાં જઈ શકું એમ છું ? હું અહીં જ છું' ભક્તો જ્યાં પણ હોય ત્યાં એમની કૃપા અનવરત વરસે છે.

આમ, 'પ્રકાશના પંથે' આત્મકથા, શ્રી ઈસુ ખ્રિસ્ત તેમજ શ્રી રમણ મહર્ષિ : આ ત્રણ ત્રણ ચૈતન્યસ્વરૂપોની સ્મરણવંદનાથી 'અધ્યાત્મ'પ્રેમી હૃદયો ધન્ય બને છે.

વળી, આ ત્રણે [પરમ આત્મા, આત્મા અને આત્મકથા] અનુક્રમે સત્યમ્-શિવમ્-સુંદરમ્‌ને પ્રતિષ્ઠિત કરીને આપણામાં પણ અનોખી આત્મશ્રદ્ધા પ્રગટાવી પ્રતીતિ કરાવી રહે છે કે; 'માથે ઈસુ જેવા પરમ આત્મા હોય, સાથે શ્રી રમણ જેવા આત્મા હોય ને હાથે સાધકમાંથી સિદ્ધ બનેલા પૂજ્યશ્રી યોગેશ્વરજીની 'પ્રકાશના પંથે' જેવી અનુપમ આત્મકથા હોય તો કરાળ કાળને પણ આ ત્રણેની 'શાશ્વતી' કબૂલ રાખીને અહીંથી નત્ મસ્તકે પસાર થઈ જવું પડે.

ત્રણે કાલાતીત વિભૂતિઓને 'અધ્યાત્મ' પરિવારનાં કોટિ કોટિ વંદન !

## ॥ ગ્રંથવંદના ॥

જેનું સમસ્ત 'ક્ષરજીવન' કાળદેવતાના કંઠમાં આરોપવા માટેના પુષ્પહાર ગૂંથવામાં વ્યતીત થયું હોય, એનાં પુષ્પો કદી કરમાઈ શકે નહીં, એમાં 'અક્ષરતત્ત્વની મહેંક' નિરંતર રહે. એનું ઉજ્જવલ દૃષ્ટાંત એટલે પૂ.શ્રી યોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે' આત્મકથા. આજે ૪૦ વર્ષ પછી પણ એ કૃતિનો પ્રભાવ સૂર્યપ્રકાશ જેવો તેજસ્વી, પ્રબળ અને દૂરગામી રહ્યો છે.

લગભગ સોએક જેટલા સત્ત્વસમૃદ્ધ ગ્રંથોથી ગુજરાતી સાહિત્યને રળિયાત કરનાર ગુજરાતના પુનિત સંત, હિમાલયના તપસ્વી શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' એક નક્કર આત્મઈતિહાસ છે, જેમાં મહાકાળના પથ પર એક મહાત્માનાં પદચિહ્નો છે. જે સાધકો માટે પ્રેરક અને માર્ગદર્શક છે; જેથી તેમને પૂર્ણતાના પથ પર આગળ વધવા ઉત્સાહ, હિંમત અને બળ મળે.

પૂ.શ્રી યોગેશ્વરજી કહે છે : 'ઈશ્વરી પ્રકાશને પ્રાપ્ત કરવા અને એથી આલોકિત થઈને સ્વયં પ્રકાશ બનવાની મારી ઇચ્છા હતી. એ ઇચ્છા કોઈપણ હિસાબે પૂરી થવી જ જોઈએ એવો મારો નિરધાર હતો.' એટલે જ 'પ્રકાશના પંથે'માં એમણે સરળ, નિરાડંબર અને સત્યનિષ્ઠ ભાષામાં પોતાની સાધના-સિદ્ધિઓની કથા આલેખી છે. એ કેવી રોચક, પ્રેરક અને રમ્ય છે એ તો એનું અધ્યયન કરવાથી જ સમજી શકાય.



જેમ કેરીનો રસ શીશીમાં ભરીને બતાવવાથી આમ્રમંજરીઓથી મહેકતા, લીલાં પર્ણોથી શોભતા, કોયલોથી ટહૂકતા, આમ્રવૃક્ષોથી વિરાજતા આમ્રકુંજનો ખ્યાલ આવવો હજાર વાતેય શક્ય નથી. એમ કૃતિનું સાચું માહાત્મ્ય સમજવા કૃતિ સ્વયં પાસે જ જવું પડે ! એનું પઠન-વાંચન એ જ એની સાચી પૂજા છે.

'પ્રકાશના પંથે' ચૈતન્યધર્મની એવી દીક્ષા આપે છે કે એમાં આપણને 'બૃહદારણ્યક ઉપનિષદ'ના શબ્દોનો પ્રતિધ્વનિ સંભળાય : 'જ્યારે 'સૂર્યચન્દ્ર અસ્ત થઈ જાય' ત્યારે મનુષ્ય પાસે કયો પ્રકાશ શેષ રહે ? 'અગ્નિનો પ્રકાશ'. એય ન રહે ત્યારે ? 'શબ્દજ્યોતિ'. જ્યારે એ પણ ન બચે ત્યારે ? 'આત્મજ્યોતિ'.'

તો આ 'સ્વયં પ્રકાશમાન આત્મજ્યોતિ' એ જ પૂ.શ્રી યોગેશ્વરજીનું 'સ્વ-રૂપ', જેનાં દર્શન દ્વારા આપણે આપણા 'સ્વ-રૂપ' સુધી પહોંચવાનું છે. એ માટે સેતુ છે : 'પ્રકાશના પંથે'. અહમ્‌ની ગ્રંથિમાંથી મુક્ત કરી આત્માની દિશા સૂચવનાર એ 'મહાગ્રંથને શત શતવંદન !' એના મહાન રચયિતા પૂજ્ય શ્રી યોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ.

**–તરલા દેસાઈ**

એક ચિંતકને કોઇએ પૂછ્યું; 'વિશ્વના કોઈપણ દેશની સંસ્કૃતિ-સંસ્કારધનને હંમેશ માટે બચાવી લેવાનો કોઇ ઉપાય ખરો?' એમણે ઉત્તર આપ્યો : 'પુસ્તક, પુસ્તક અને પુસ્તક.'

## ॥ 'પ્રકાશના પંથે'ના કર્તાનું પ્રયોજન ॥

❁ અતીતની સ્મૃતિ માણસના સ્વભાવ માટે સહાયકારક થઈ પડે છે. વીતી ગયેલી ક્ષણોને યાદ કરવાથી પ્રેરણાશક્તિ અને સંજીવનીથી વધારે લાભ બીજો કયો હોઈ શકે? એને 'આત્મિક સુખ' કહો, 'પ્રસન્નતા' કહો, 'આત્મસંતોષ' કહો કે ગમે તે કહો. આનાથી વિશેષ ઉપકારક-અસરકારક, પ્રબળ હેતુ બીજો કયો હોઈ શકે?

❁ માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. તે જેમતેમ જીવી કાઢવાનું નથી. તેમાં ભારે શક્તિ ને શક્યતા રહેલી છે. તેનો સદુપયોગ કરીને એક કુશળ કારીગરની જેમ માણસે પોતાના જીવનનું ઘડતર કરવાનું છે. જીવન મિથ્યા નથી, પ્રયોજન વિનાનું પણ નથી.

❁ દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી અને એને વધારે ને વધારે તથા ઉજ્જવળ બનાવી છેવટે એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે.

❁ અંધકારને દૂર કરી, અસત્ય અને મૃત્યુના આવરણને હટાવી દઈ, તેને જ્યોતિર્મય, સત્યમય ને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તે માટે તેણે પ્રયાસ કરવાનો છે.

❁ પ્રકાશના પંથના એ પ્રવાસનું એણે અવારનાર અવલોકન પણ કરતા રહેવાનું છે ને ધ્યેયસિદ્ધિ ન થાય ત્યાં સુધી જાગ્રત રહીને આગળ ને આગળ ધપવાનું છે.

❁ અલબત્ત વીતી ગયેલા પ્રસંગોનું સરવૈયું સ્મૃતિ દ્વારા પણ કાઢી શકાય, શાબ્દિકરૂપે એવું સરવૈયું કાઢવાની જરૂર? તો



મારા સંબંધમાં હું એટલું કહી શકું કે, 'આ કામ ઈશ્વરની ઈચ્છાથી થઈ રહ્યું છે.'

❁ એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશના પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઈ ને તેણે પ્રવાસ શરૂ કર્યો. માર્ગમાં તેને કેવા કેવા અસંખ્ય અવનવા અનુભવો થયા ને છેવટે તેના પ્રવાસનું પરિણામ શું આવ્યું તેનો સંપૂર્ણ સાચો કે પ્રામાણિક ઈતિહાસ આજના જડવાદ તરફ વધારે ને વધારે ઢળતા જતા જગતને વાંચવા મળે ને તે તેનામાં શક્તિસંચાર કરવાનું ને મરી પરવારતી આધ્યાત્મિકતા ને ઈશ્વરપરાયણતાને જાગ્રત કરવાનું કામ કરે એવી ઈશ્વરની ઈચ્છા આ પ્રેરણાની પાછળ હોઈ શકે. એટલે જ જેમ ઈશ્વરની પ્રેરણા થાય છે તેમ કર્યે જાઉં છું.

❁ ઈશ્વરના હાથમાં હું હથિયાર છું. હું વાંસળી છું ને તે તેમાં પ્રાણ પૂરનાર કે તેને વગાડનાર. જીવન જ આખું તેનું છે. તેની ઈચ્છા એ જ પ્રયોજન. તેથી વિશેષ કીંમતી પ્રયોજન બીજું કયું હોઈ શકે?

❁ જીવનને ઈશ્વરપરાયણ બનાવવા આ કથાની રચના થાય છે. કથા પ્રામાણિક અને વાસ્તવિક છે એથી બધી જાતનાં માણસોને આમાંથી કંઈ ને કંઈ ઉપયોગી સામગ્રી અવશ્ય મળી રહેશે.

❁ સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડોઘણો પણ વધારો થશે તો લેખનનો પરિશ્રમ કૈંક અંશે સાર્થક થયેલો મનાશે.

❁ મારે પોતાને માટે તો આત્મકથાનો અક્ષરદેહે

આલેખાયેલો ક્રમ જુદાંજુદાં તીર્થોની એક સળંગ, વિરાટ મહામૂલ્યવાન યાત્રા જેવો છે.

❀ નાનપણથી મને રોજનીશી લખવાની ટેવ હતી. એટલે શબ્દોમાં સરવૈયું કાઢવાની મારી પ્રિય પ્રથા. આ આત્મકથાના રૂપમાં પરિણમી રહી છે.

❀ અહીં તો જે વાતો લખવા જેવી લાગી તે જ લખેલી છે.

❀ આ કથામાં મોટેભાગે આધ્યાત્મિક જીવનના જ તાણાવાણા જોવા મળે છે. આત્મિક ઉન્નતિ માટેની સાધનાની જ કથા છે.

❀ બગીચો જ આખો ગુલાબનો છે. તો તેમાંથી ગુલાબ સિવાયના બીજાં ફૂલો કેવી રીતે મળી શકવાનાં છે ?

❀ માનવજાતિના મંગલ માટે સંતોએ પોતાના અનુભવની વત્તીઓછી વાતો રજૂ કરવી જ પડે છે.

❀ અલબત્ત, અત્યંત શુદ્ધ ભાવે બીજાને મદદરૂપ થવા માટે જ, પોતાની અનુભવવાતોની અભિવ્યક્તિ થવી જોઈએ.

❀ જીવનમાં વરસોથી હું સાધનાના માર્ગે સફર કરું છું. ઈશ્વરનું શરણ લઈ એના એક નમ્રાતિનમ્ર શરણાગત શિશુ તરીકે આગળ વધુ છું. તે દરમિયાન મને અનેક અનુભવ થયા છે ને ઈશ્વરની કૃપાનો લાભ પણ મળ્યો છે.

❀ બાકી તો પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા પોતે જ કહેશે.

**–'શ્રી યોગેશ્વરજીના ઉદ્દગારો'**

**(સંકલન)**



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૦**

**તા. ૧૫-૧-૮૩, શનિવાર, માગશર સુદ એકમ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

આજે સંપૂર્ણ આરામ હતો. જાહેર મુલાકાત ન હતી. કોઈ પ્રવચન પણ ન હતું. છતાં પૂ.શ્રીનો જાગવાનો, સ્નાન કરવાનો, મંત્રજપ ને લેખનનો ક્રમ તો નિયમિત જ રહ્યો.

આજે ભોજન બાદ પંદર-વીસ મિનિટ મુલાકાતના ઓરડામાં બેઠાં. પછી ઘણા દિવસે લગભગ ત્રણેક કલાક આરામ કર્યો.

સાંજે થોડું લેખન કર્યું. સાંજે અહીંના એક સેવાભાવી ડૉક્ટર મળવા આવે છે. તેઓ તથા યજમાન શ્રી મગનભાઈ પૂ.શ્રીને ફરવા લઈ જવા ઈચ્છે છે. પૂ.શ્રી હા પાડે છે.

પરિણામે અહીંથી અર્ધા કલાકની યાત્રા પછી શહેરમાં પહોંચી ગયાં. ત્યાં મ્યુઝિકલ ફાઉન્ટેનનું સ્થાન હતું. વિવિધ સંગીતના તાલ સાથે, નાના-મોટા અવાજ પ્રમાણે ફુવારા ઊડતા હતા. એ એની વિશેષતા હતી. સંગીત મોટેથી વાગતું હતું. સંગીત બંધ પડે એટલે ફુવારા બંધ પડે. સંગીત ધીમું પડે તો ફુવારા ધીમા પડે. સંગીતના અવાજ મુજબ ચાલીસ-પચાસ જેટલા રંગબેરંગી ફૂવારા ઊડે.

સૌને ગમી જાય એવું એ સ્થાન હતું. તેથી ઘણાં ઘણાં

માણસો ત્યાં બેઠેલાં જોવા મળ્યાં. બાળકોને એ જોવાની ખૂબ મઝા પડતી હતી. ત્યાંથી વિદાય લઈ, ટેલિફોનનું મુખ્ય મથક બહારથી જ જોઈને ઉતારા ઉપર આવી ગયાં.

દૂધ-ફળ લઈને આરામ કર્યો.

હરિઃ ૐ

—'મા' સર્વેશ્વરી

હેનરી મિલરે કહ્યું હતું કે, 'પુસ્તકોની દુનિયાનાં હવે વળતાં પાણી છે. આવનારા પાંચ દાયકામાં પુસ્તકો સમગ્રતયા અદૃશ્ય થઇ જાય તો નવાઇ નહિ.'

આજે પ્રસારણ માધ્યમો એટલાં બધાં વધ્યાં—વિકસ્યાં છે કે, જે કંઇ જાણવું હોય એ પુસ્તકો વિના પણ જાણી શકાય છે. એટલે આ આગાહી કલ્પિત નથી લાગતી.

પણ અન્ય માધ્યમોએ પકડ જમાવી છે એટલે હવે સાહિત્ય દુનિયાના પટ પરથી અદૃશ્ય થઇ જશે એમ કહેવું એ 'સૂર્યના પ્રકાશનું સ્થાન લઇ શકે એવાં વિદ્યુતસાધનોને કારણે હવે સૂર્ય નહીં ઊગે' એમ કહેવા જેવું છે.'

એટલે ૫૦ વર્ષ પછી સાહિત્ય સર્જાશે—વેચાશે નહીં એવી આગાહી કરવી એ છેલ્લા ૫૦૦૦ વર્ષના સાહિત્યનો ઇતિહાસ અસ્વીકાર કરવા જેવી બાબત છે.



# ॥ 'વિરલ વિભૂતિ' : શ્રી યોગેશ્વરજી ॥

શ્રી યોગેશ્વરજીએ સ્પષ્ટ જ કહ્યું છે, 'પરમાત્મા છે જ ને એની પ્રાપ્તિ કરી શકાય છે.'

પ્રભુ વિરલ વિભૂતિ કેમ? પૂ.શ્રી પ્રભુ કહે છે-''ક્ષણિક સુખની સામગ્રીમાં પડી રહેવાને બદલે સનાતન સુખની પ્રાપ્તિ કરવી જોઈએ.''

વિચારોની સ્પષ્ટતા, નિશ્ચિત ધ્યેય, નખશિખ પ્રામાણિકતા, ધ્યેયપ્રાપ્તિ માટે અતૂટ મનોબળ, માનવમૂલ્યોની માવજત, માતૃવંદના, અનાસક્ત ને પ્રલોભનરહિત જીવન, પ્રબળ સંકલ્પશક્તિ, સમાજ પ્રત્યેની ઋણમુક્તિની ભાવના-આ સર્વ સાથે સાધના શબ્દનો પર્યાય એટલે જ પૂ.શ્રી પ્રભુનું મહામૂલું જીવન. પૂ.શ્રી પ્રભુ કહે છે તેમ. ''ભય નહીં પણ પ્રેમ, પ્રલોભન નહીં પણ પવિત્ર વિવેકને જ સાધનાનું પ્રેરણાત્મક પીઠબળ બનાવવાની આવશ્યકતા છે.''

અતિ સાદગીભર્યા મા-મય જીવનમાં ના ક્યાંય અહંકાર છે-ના ભય છે. સ્વયંના જ અતૂટ આત્મબળે ધ્યેયની સંપૂર્ણ પ્રાપ્તિ. કર્મમાં અકર્મની જેમ માનવમૂલ્યોના દરેકે દરેક પાસાંઓનું દર્પણ બન્યા. કર્તવ્યનિષ્ઠા પણ કેવી! માતૃવંદનાનું દર્શન સમસ્ત જીવનમાં પ્રામાણિકપણે કરાવતા જ રહ્યા. સમાજ પ્રત્યેની પ્રત્યેક નાગરિકની ફરજની સમજ ધરતા સ્વયં સાહિત્યસેવા દ્વારા, પ્રવચનો દ્વારા, સત્કર્મો દ્વારા સમાજની ઉન્નતિના કાર્યોમાં સહયોગ પણ નિઃસ્વાર્થપણે ધર્યો. પ્રત્યેક ક્ષણે જાગરૂકતા ધરનારા, પૂ.શ્રીએ માનવજીવનના પ્રત્યેક પાસાંઓને ઉજાગર

કર્યાં છે. મા જગદંબાની અહર્નિશ દર્શનપ્રાપ્તિની એ ધ્યેયસિદ્ધિમાં સાધનાના અતિવિકટ માર્ગે પ્રયાણ કરનારા પ્રભુ દુર્ગમ શિખરો પર કાંટા-કંકરયુક્ત માર્ગમાંથી માત્રને માત્ર આત્મબળે આત્મશ્રદ્ધાથી સ્વયંને પ્રકાશિત કરતા જ રહ્યા.

આ પ્રકાશરૂપી મણિ આપણા પામર અજ્ઞાનરૂપી જીવનને અજવાળે એવી પગદંડી જ નહીં પણ મહામાર્ગ રચતા ગયા. અનુભવની વાણીને શબ્દરૂપે આત્મકથામાં આલેખી આપણા સર્વ ઉપર ઉપકારોની વર્ષા વરસાવી છે.

"પ્રકાશના પંથે" પરમપ્રાપ્તિના પથને પામીને પ્રત્યેક પૃષ્ઠ પર પ્રગટાવેલા પ્રાપ્તવ્યની પરમ પ્યાલી પીવડાવતા પ્રેમામૃતને પામવાનું પામર પુરુષનું શું ગજું ?

પ્રભુના જીવનની પ્રત્યેક પળ ને ક્ષણ પરમ વંદનીય છે. જેટલું સમજો-જેટલું વાગોળો ને જેટલું પામો એ નવી દૃષ્ટિનો ઉદય પમાડે.

પૂ.શ્રી કહે છે–

"પરમાત્માના મિલનનું એકમાત્ર મહાન સાધન તીવ્ર પ્રેમ ને તે દ્વારા વ્યાકુળ હૃદયે થતી પ્રાર્થના છે."

શબ્દોના આ ઉપવનમાં પ્રભુના જીવનમાંથી પ્રેરણારૂપ પુષ્પોને થોડા સુગંધરૂપી પરાગરજને પામવા આ દૃષ્ટિ પ્રયાસ કરે તો પણ જીવનપુષ્પ મહેંકી ઊઠે.

'સદ્‌ગુરુદેવનો જયજયકાર હો...'

**–નિશા પંડ્યા**



# ॥ 'બિંદુ'નાં અવિસ્મરણીય બાળગીતો ॥

'બિંદુ' મહાત્મા યોગેશ્વરજીનો એકમાત્ર બાળકાવ્યોનો સંગ્રહ છે. બાળકોને પ્રિય એવા વિષયોના ૧૦૬ કાવ્યોનો તેમાં સમાવેશ છે. કવિની આ કૃતિ સાથે એક કરુણ ઘટના જોડાયેલી છે. અત્રે તેનો ઉલ્લેખ કરવો અસ્થાને નહીં લેખાય.

બિન્દુ શ્રી નારાયણભાઈ અને સરસ્વતીબેન જાનીની પ્રિય પુત્રી. જે અમદાવાદ યુનિ. હોસ્ટેલમાં રહી અનુસ્નાતકનો અભ્યાસ કરતી હતી. દર ૧૫ દિવસે અમદાવાદથી ભાવનગર પરિવારને મળવા જવાનો તેનો ક્રમ. એકવાર જાન્યુ. ૧૯૭૬ની ૨૭મી તારીખે ભાવનગરથી અમદાવાદ પાછા ફરતાં અણધાર્યા બસ અકસ્માતનો તે ભોગ બની ને એકાએક નાની વયે વિદાય થઈ.

બિન્દુને બાળકો અતિપ્રિય હતા. એની સંસ્મૃતિરૂપે તેના માતાપિતાએ બિંદુ બાળગીતોને બહાર પાડવાનો સંકલ્પ કર્યો. એ સ્તુત્ય સંકલ્પનું સાકારરૂપ તે યોગેશ્વરજીનો 'બિંદુ' બાળકાવ્ય સંગ્રહ !

'બિંદુ'માં બાળકોને ગમતાં રસ-ઉલ્લાસ, જ્ઞાન-ગમ્મત ને ભાવતત્ત્વો પરનાં કાવ્યો છે. જે બાળભોગ્ય ભાષાશૈલીમાં રચાયેલાં છે. અહીં માત્ર બાળકોને મનોરંજન માટેનાં કેટલાંક કાવ્યો કવિએ લખ્યાં છે, પણ એમનો પ્રધાન સૂર એમાં બાળબોધનો રહેલો છે.

બાળકોને બાળપણમાં જ જેવા સંસ્કારો આપીએ તેવા

યુવાનો કે નાગરિકો બને એવા ઉમદા આશયથી કવિ બાળકોને પ્રભુપ્રેમ, દેશપ્રેમ, વતનપ્રેમ, શાળાપ્રેમ, માનવપ્રેમ, પ્રકૃતિપ્રેમ અને સુટેવોના સંસ્કારો આપવા માંગે છે. કેવળ આનંદ જ નહીં પરંતુ ગમ્મત સાથે જ્ઞાનનો બાળકાવ્યોનો હેતુ હોય છે.

કૃતિના પ્રારંભમાં તે 'પરમાત્માને પ્રણામ' કાવ્યમાં બાળકો સમજી શકે એવી ભાષામાં પરમાત્માનું જ્ઞાન આપે છે અને પ્રાર્થના કરે છે.

"ફૂલ મહીં ફોરમ ભરનારા, કમળોને જે કાંતિ ધરે;
પંખીને દે પાંખ મજાની, કોકિલ કંઠે ચિત્ત હરે."
"સત્ય તેમ સુંદરતામાં જે મંગલતામાં રમી રહ્યા;
સત્ય તેમ સુંદર ને મંગલ એથી તે પરમાત્મ કહ્યા."
"બને જિંદગી સત્યમયી ને સુંદર તેમજ મંગલ આ;
અર્પણ બીજાને કાજે હો, બીજી કોઈ ઈચ્છા ના."

કવિએ 'પ્રાર્થના', 'ઈશ્વરસ્તુતિ', 'પરમાત્મા', 'જો શક્તિ દે', જેવી ઈશ્વરવિષયક કેટલીક રચનાઓ પણ આપી છે. કવિશ્રી ન્હાનાલાલે 'ઓ ઈશ્વર ભજીએ તને...' એવી સરળ રસમય બાળપ્રાર્થના આપી છે. તેવી ઈશ્વરસ્તુતિ આપવાનો તેમનો પ્રયત્ન સ્તુત્ય છે.

વળી તેમના દેશભક્તિનાં કાવ્યો પણ ઉપદેશાત્મક છે. 'ભારતકાજ, ભારતકાજ'માં કવિ કહે છે.

"સેવાભાવ સદા રાખીશું,
સત્યમયી વાણી ભાખીશું,
દ્વાર હૃદયનાં ના વાળીશું
ભારતકાજ, ભારતકાજ."



ભારત માટે કંઈક કરી છૂટવાની ભાવના તેમાં વ્યક્ત થઈ છે. 'મારો દેશ'માં દેશનો પ્રાકૃતિક પરિચય છે. 'પ્રભુની જમીન'માં વિનોબાજીનો ભૂદાનનો સંદેશ પ્રચારાત્મક રીતે વ્યક્ત થાય છે. 'છે આવો એક દેશ'માં કવિ દેશના ધર્મ, સંસ્કૃતિ અને પ્રકૃતિની પ્રશંસા કરે છે. 'દેશને પ્રણામ'માં દેશની ઉત્તમદશા અને દુર્દશાનું ચિત્ર આપે છે તો 'સ્વતંત્રતા'માં ઝરણાં, સૂરજકિરણો, વાદળ, વાછરડાં, બાળકો બધાની સ્વતંત્રતાની વાત કરીને જન્મભૂમિની સ્વતંત્રતાની ઝંખના વ્યક્ત થાય છે.

"બંધન કોને ગમે જગતમાં ? સર્વે ચાહે સ્વતંત્રતા;
બંધાયેલાં પણ બોલે છે, પ્યારી અમને સ્વતંત્રતા.
સ્વતંત્રતા, સ્વતંત્રતા; વહાલી અમને સ્વતંત્રતા !
❃ જૂઓ ઝરણાંનાં પાણી દોડે, રોકટોક તેઓને ક્યાં ?
❃ સૂરજનાં કિરણો ફેલાયે મુક્ત બની કેવાં સઘળાં ?
—વાદળ કેવાં આઝાદ બની, વરસે છે અમૃત ભરતાં ?
—વાછરડાં દોડીને કેવાં, માતાને વળગી પડતાં ?
—બાળ બધાં માને ખોળલિયે, સુખ લેતાં સુખને દેતાં;
—સિંહાસન પર બેસી જાણે, મુક્તિનો મહિમા કે'તા."

'સ્વતંત્રતાનું રક્ષણ' કાવ્ય પણ દેશભક્તિનું છે. ટૂંકમાં આ બધાં દેશવિષયક કાવ્યો રાષ્ટ્રભાવના વ્યક્ત કરે છે. બાળકોમાં તેનો સંચાર થાય તે મુખ્યભાવ છે.

પ્રસ્તુત સંગ્રહમાં શુદ્ધ બાળકાવ્યો કહી શકાય તેવી રચનાઓ તો બાળકોને પ્રિય પ્રકૃતિવિષયો પરનાં કાવ્યોની છે. કવિ બાળકોને કહે છે, 'ગીતડાં ગાઓ...ઓ ભાઈ ગીતડાં ગાવ.'

'પંખી જેવી પાંખ', 'ઝરણાં', 'મજાનાં ફૂલ', 'આમંત્રણ', 'મયૂરને', 'એક ઝરણ જોયું', 'વરસાદનાં ફોરાઓ', 'હોડીહંકાર', 'નાનાં નાનાં બાલ', 'ચલોને ફૂલડાં લેવાને', 'ચંદ્રમાને કહેજો', 'ફૂલવાડી', 'વરસે વરસાદ', 'નદી', 'પતંગિયાને', 'ખિસકોલી', 'ચકલી', 'મોરની કળા', 'ઘમ્મર ઘમ', 'ગોવાલણી ને કનૈયો' વગેરે કાવ્યો બાળકોને ગમે તેવાં લય, રસને ભાવવાળા છે.

કવિએ બાળકની કલ્પનાને આત્મસાત કરી છે. પંખીની જેમ પાંખ મળે તો આકાશે ઉડવાની વાત કરી છે. કાવ્યના અંતમાં વિશ્વશાંતિ અને ભ્રાતૃભાવના સંદેશાની વાત પણ કવિ કરી દે છે. 'ઝરણાં' કાવ્યનો ઉપાડ સુંદર છે.

'નાનાં નાનાં ઝરણાં કેવાં,
જુઓ જંગલ દોડે ?
મીઠા સ્વરથી જાય દોડતાં,
ભરેલ કોઈ કોડે. નાનાં નાનાં...'

❋

'કેવાં મજાનાં ફૂલ, ફૂલ આ,
કેવાં મજાનાં ફૂલ ?
પીળાં ને લાલ તેમ ખીલ્યાં સફેદ આ,
સુંદરતા એમની, કોમળતા કેવી ?
રચનામાં છે નહીં ભૂલ. ફૂલ આ, કેવા મજાનાં ફૂલ ?'

આ સરસ બાળકાવ્ય છે. કવિએ ફૂલના રંગો, પ્રકાર, એની સુંદરતા, કોમળતા ને પ્રફુલ્લતાને સુંદર કાવ્યદેહ આપ્યો છે.



'આમંત્રણ'માં બાળક ચાંદલિયા, તારલિયા, વાદલડી, આભલિયા, વિજલડી, વર્ષા, ઈન્દ્રધનુ અને સૂરજને આમંત્રણ આપે છે કે,

'ચાંદલિયા આવ, ચાંદલિયા આવ,
હેઠે અમારી સાથ રમવાને આવ !'

❋

'આવો પંખીડાંઓ આવો,
બાંધીએ મોંઘેરી પ્રીત.'

❋

'થનગન થનગન થનગનતો,
ઠમક ઠમક ઠમ ઠમકતો,
વન વન આનંદે ભરતો,
મયૂર પેલો નાચંતો !'

'કમળ', 'સાગરનું ગાન', 'બંસીના સ્વર' 'એક ઝરણ જોયું'માં કુદરતની કળાને કવિ કોમળ શબ્દોમાં પ્રગટ કરે છે.

'વરસાદનાં ફોરાં'માં ટપક ટપક થતી જળલીલા ઉપર કાવ્ય રચ્યું છે. કવિએ હિંચકો, હોડી, ઘડિયાળ, ફુવારા, વાંસળી, કોસ જેવાં કાવ્યવિષયોમાં બાળકોને પ્રિય ભાવનાત્મક રવને કાવ્યમાં અભિવ્યક્ત કર્યો છે. બાળની વિશેષતા દર્શાવતું કાવ્ય 'નાનાં નાનાં બાલ'નો વર્ણાનુપ્રાસ રમ્ય છે :

'કાલાં કાલાં બાલ જાણે
કોયલ જેવાં દૂર,

કાલી કેલિ, કાલી વાતો,
કાલા કાલા સૂર,
કાલી પગલી, કાલી ચાલો,
કોમળતા ભરપૂર. કાલાંકાલાં...'

બાળકાવ્યોમાં વિશેષ ભાત પાડતું 'ઉષા : શહેરની ને ગામની' નામના બે ખંડના કાવ્યમાં કવિએ ગામની છોકરી અને શહેરની છોકરીની ચિત્રાત્મક તુલના કરી છે. બે વચ્ચેનો ભેદ દર્શાવી ગ્રામ્ય અને શહેરી બે સંસ્કૃતિનું પરિચયાત્મક દર્શન કરાવ્યું છે.

સુંદરમ્‌ની જેમ કવિએ પણ પ્રકૃતિમાં પ્રભુનું દર્શન કરાવતું 'કોણ' કાવ્ય રચ્યું છે.

'કોણ ટમકતું તારલિયામાં,
ચમકાર કરે ચંદ્રમહીં ?'

જેમાં તારા, ચંદ્ર, આકાશ, સૂર્ય, મેઘધનુષ, ઉષા, સંધ્યા, વર્ષા, વગેરેમાં વ્યાપ્ત ઈશ્વરીય તત્ત્વનો ઉઘાડ છે.

બાળકોને ઉપદેશ આપતાં તે કહે છે,

'સૌને માટે પ્રેમ, ભરી દો, સૌને માટે પ્રેમ.'

કવિએ દલપતરામની જેમ બાળકોને 'સ્વચ્છતાની ટેવ'નો બોધ પણ આપ્યો છે. 'સેવાની ઈચ્છા'માં સેવાભાવના વ્યક્ત થાય છે. 'હિંમત ના હારવાનાં', 'હાથે મહેનત કરો', 'પ્રભુની જમીન' એ બોધકાવ્યો છે. 'ઉત્તમતાનો સાર'માં કવિએ બાળકોને વિવિધ ગુણોના પાઠ ભણાવ્યાં છે. 'સૌથી શું પ્યારું ?'માં કવિ



અનેક રૂપોની યાદી આપી એ સૌમાં 'મા'નું પદ ન્યારું છે એમ દર્શાવે છે. 'લડવાને બદલે'માં સંપને શાંતિથી રહેવાની સલાહ આપે છે. 'સૌથી સારું'માં આ જગતમાં શું સારામાં સારું ?– એવી વાત કરીને ઈશ્વરને આ પૃથ્વી પર અવતારવાની ઈચ્છા થાય તેવું આ જગત બનાવવાનો સંદેશ આપ્યો છે. પરંતુ આ કાવ્યો બાળકની કક્ષાની ઉપરનાં છે.

કવિના પશુ, પંખી અને પુષ્પ ઉપરનાં કાવ્યો સવિશેષ બાળભોગ્ય કાવ્ય છે.

❋ 'ફૂલવાડી આ ફૂલવાડી
છે કેવી મજાની ફૂલવાડી !'

❋ 'ચીં ચીં કરતી ચકલી આવી ચણ ખાવાને કાજ,
આંગણીયામાં મળી ટોડલે ઉડાડો ના આજ.'

❋ હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

❋ 'લીલાં પીળાં મેનાપોપટ,
રમવા માટે આવો.'

❋ 'આ ગુલાબ કેરું ફૂલ
ખીલ્યું કેવું કાંટામાંયે ?
આનંદે મશગુલ,
શોક કરે ના, રડે જરા ના,
ઉડે છોને ધૂળ....આ'

❋ 'વિકાસ કરીએ, હસી રહીએ,
જેમ હસે આ ફૂલ,
હારીએ ના હિંમત છોને
ચોપાસે હો શૂલ....આ'

❋ 'વસંત કેવી ?
સુંદર એવી,
નવજીવનની
જનની જેવી !'

કવિ પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં બાળભોગ્ય શૈલીમાં અનેક વિષયવૈવિધ્ય ધરાવતા બાળવિશ્વને તેના પ્રિય વિષયોમાં કવિતારૂપે પ્રગટ કર્યો છે.

'પરમાત્માને પ્રણામ' કાવ્યથી પ્રારંભ પામતો ને 'ગીતડાં ગાઓ' થી સમાપન પામતો આ સંગ્રહ જુદાં જુદાં પક્ષીઓ, પ્રાણીઓ, પુષ્પો, પ્રકૃતિ, નક્ષત્રો, શાળા, ખેડૂત, કાન, ગોવાલણીથી લઈને હીંચકો, હોડી, ફુવારા, વાંસળી, ઘડિયાળ જેવાં રમતના તત્ત્વોને પણ કવિએ સુંદર કાવ્યદેહ આપ્યો છે.

આમ 'બિંદુ'ના બાળકાવ્યો અનુગાંધીયુગના મકરંદદવે, બાલમુકુંદ દવે અને રાજેન્દ્રશાહ જેવા સમર્થ બાળકવિઓની પંરપરામાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે.

**–ડૉ. અરુણા ઠાકર**

'વિજ્ઞાન, રાજકારણ, નીતિશાસ્ત્ર બધું હે કોયલ ! તારા જાદુને ઓગાળી શકે તેમ નથી.'

**–કવિ ઓડન**



# ॥ શ્રી સાંઈબાબા ॥

અલ્લાહ, માલિક કે ભગવાન જ આપણો એકમાત્ર રક્ષક છે, અન્ય કોઈ જ નહીં. એની કાર્યપદ્ધતિ અદ્ભુત છે, અમૂલ્ય અને અગમ્ય છે. ફક્ત એનું જ ધાર્યું થવાનું છે. એ જ આપણને રસ્તો બતાવશે અને આપણી મનોકામનાઓ પૂર્ણ કરશે.

ઋણાનુબંધના કારણે આપણો મેળાપ થયો છે. એકમેકને ચાહીએ, પરસ્પર સેવા કરીએ અને સુખી થઈએ. જીવનના સર્વોચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ કરનાર જ અમર બની રહે છે, એ જ સુખી ગણાય. બીજાં બધાં તો ફક્ત હયાતી ધરાવે છે અને શ્વાસ લે છે.

હું કોઈનીય ઉપર ગુસ્સે નથી થતો. મા એનાં બચ્ચાંને ઈજા કરે ખરી ?

જાઓ ! પણ હુંય તમારી સાથે જ આવું છું.

હું ભક્તોને ચાહું છું. હું તો મારા ભક્તોનો વેઠિયો મજૂર છું.

અહીં હું છું પછી ભય શાનો ?

મને ચાહનારાઓ પ્રત્યે હરહંમેશ મારી તકેદારીપૂર્વક નિરીક્ષક આંખ મંડાયેલી રહે છે.

તમે મારી સામે જુઓ, હું તમારી સામે જોઈશ.

ભક્ત ગબડવાની તૈયારીમાં હશે તો હું હાથ લંબાવીને ઝીલી લઈશ એને પાડવા નહીં જ દઉં.

ભક્ત પ્રેમથી પોકારશે એવો હું હાજર થઈશ. મારે મુસાફરી કરવા ગાડીની જરૂર નથી પડતી.

ઈશ્વર આપણી હૃદયમઢૂલીમાં તો વસે છે. આંગળી અને નખ કરતાંય ઓછા અંતરે ! અડગ શ્રદ્ધા અને સબૂરી (ધૈર્ય) વગર તમે એને જોઈ શકો નહીં.

પ્રેમપૂર્વક મારું નામ જપનારની બધી ઇચ્છાઓ હું પૂરી કરીશ. એના ભક્તિભાવમાં વધારો કરીશ. મારા જીવન અને કવનનું કીર્તન કરનારની તહેનાતમાં ખડો થઈ જઈશ.

ઈશ્વર એક છે, પ્રેમસ્વરૂપ છે. એને મન ધર્મ-સંપ્રદાયનો ભેદ નથી.

ગ્રંથો વાંચવાની જરૂર નથી મને તારા હૃદયમાં રાખ. મસ્તક અને હૃદય વચ્ચે સુમેળ સાધી શકાય એટલે ભયો ભયો.

ગુરુ પ્રત્યેનો પ્રેમ અને સમર્પણ એ જ એકમાત્ર ઉકેલ છે. આપણને સોંપાયેલ ફરજ બજાવતા રહીએ અને સર્વત્ર વિલસતા ગુરુ મહારાજને મન-વનચ-કર્મ બલકે આપણો દેહ અને જીવન સમર્પિત કરી દઈએ. એમનામાં શ્રદ્ધા મૂકી એટલે વાત પૂરી.

મને ગુરુ (વેંકુસા) સિવાય કંઈ ખપતું નહોતું અને એમને મારા ગહન પ્રેમ સિવાય કંઈ જ જોઈતું નહોતું.

**–'કેવળ પ્રભુપ્રેમ'**

———❀———

'Love is the divine essence in man. And is due to God Alone.'



# ॥ શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ ॥

(વિટંબણાઓની વચ્ચે)

નિર્મળાના શ્વસુરગૃહના શાંત, સેવામય એકધારા જીવનમાં ધીમે ધીમે વિટંબણાઓ આવવા લાગી. આ વિટંબણાઓ માત્ર શારીરિક જ ન હતી, માનસિક પણ હતી.

ઢાકામાં નોકરી મેળવવા મથામણ કરી રહેલા પતિની નોકરીનું ઠેકાણું પડતું ન હતું. એક જગ્યાએ થોડા સમય માટે નોકરી મળી, પણ તેમાં મુશ્કેલી ઊભી થઈ. તેમાં તેઓ કોઈ મામલામાં એવા ફસાયા કે તેમને જેલમાં જવું પડે એવી પરિસ્થિતિ પેદા થઈ.

શ્રીપુરમાં સમાચાર મળતાં રમણીમોહનના પિતા અને મોટાભાઈ ચિંતિત બની ગયા તથા ઢાકા જઈને એમને બચાવવાના પ્રયાસ કરવા લાગ્યા.

આ સ્થિતિમાં જેઠાણી નિર્મળા પર ચિડાતા તથા તેને મહેણાં મારતાં. એક દિવસ તો તેમણે તેને કહ્યું, 'કોણ જાણે તારી કેવીય ભાગ્યરેખા છે કે લગ્ન થતાં બિચારા સેજદાની નોકરી ગઈ ને માંડ માંડ નોકરી મળી તો જેલ જવાની નોબત આવી પડી.'

આવા કટુ શબ્દો પણ નિર્મળાએ શાંતિથી સાંભળી લીધા ને તેનો કોઈ પ્રતિભાવ ન આપ્યો. પરંતુ તેથી તો તેઓ વધુ ઉશ્કેરાયાં અને બોલવા લાગ્યાં, 'તું કંઈ સમજે છે ખરી કે ત્યાં શું થઈ રહ્યું છે ? બધાં કેટલાં હેરાન થાય છે તેનું તને ભાન છે ?'

આ સાંભળીને નિર્મળાએ શાંતિથી કહ્યું, 'હવે હું કામ કરવા જાઉં ?'

હવે જેઠાણી શું બોલે ?

એ દિવસોમાં પણ નિર્મળા એવી માનસિક ભૂમિકામાં પહોંચી ગઈ હતી જ્યાં ચિંતા, ઉદ્વેગ, શોક, હર્ષ-કશું ન હતું. બધું એકમેવની આનંદમય લીલારૂપે જ અનુભવાતું હતું.

આવી મનઃસ્થિતિમાં નિર્મળાને પોતાની દેહની વેદનાનો પણ ખ્યાલ આવતો નહીં. એક દિવસ તેને સખત તાવ આવ્યો, પણ તે તો ચૂપચાપ કામ કરતી રહી. એવામાં તેનાં જેઠાણીએ તેને માથામાં તેલ નાંખી આપવા કહ્યું. તે તેલ નાંખવા બેઠી ત્યારે તેનાં આંગળાંઓમાંથી જાણે વરાળ નીકળતી હોય એવી ગરમી લાગી, ત્યારે જેઠાણીને ખબર પડી કે નિર્મળાને સખત તાવ છે. તેમણે તેને આરામ કરવા કહ્યું.

જેઠાણી નિર્મળા પ્રત્યે પ્રેમભાવ રાખતાં હતાં અને તેનું ધ્યાન પણ રાખતાં હતાં. પરંતુ હતાં તો સામાન્ય સ્ત્રી. ક્યારેક તેમનો મૂડ બરાબર ન હોય ત્યારે નિર્મળાને સરખો જવાબ પણ આપતાં નહીં.

જેઠની તબિયત બગડી ત્યારે તેમનો પરિવાર નરૂન્દીમાં રહેતો હતો. જેઠ માટે રોજ પથ્યાહાર બનાવવો પડતો. જેઠાણીની સૂચના મુજબ નિર્મળા રસોઈ બનાવતી.

એક દિવસ સાંજે રસોઈ બનાવતાં પહેલાં નિર્મળાએ જેઠાણીને શું બનાવું એમ પૂછ્યું, પણ પ્રત્યુત્તર ન મળ્યો. થોડીવાર પછી નિર્મળાએ ફરી પૂછ્યું, તોયે જવાબ ન મળ્યો.



આથી નિર્મળા બીજા કામમાં લાગી. થોડીવાર પછી પુનઃ આવીને પૂછ્યું, પણ જવાબ ન મળ્યો.

આવું ત્રણચાર વાર બન્યું. આખરે જેઠાણીએ જવાબ આપ્યો પડ્યો કે 'જા, આ બનાવ.'

નિર્મળા આમ ગુસ્સાની સામે સહિષ્ણુતા, આવેગની સામે સ્થિરતા અને અધીરાઈની સામે ધીરજના શસ્ત્રથી મુકાબલો કરતી. તે પોતાના અંતરમાં એટલી બધી સ્થિર, સ્વચ્છ હતી કે બહારના શબ્દો કે બનાવો તેને ખળભળાવી શકતા ન હતા.

એ સમયે રમણીમોહનને ઢાકામાં સ્થાયી નોકરી મળી ન હતી. તેઓ ત્યારે ઢાકામાં પોતાની ત્રીજા નંબરની બહેનના ઘરે રહેતા હતા. જે કંઈ નાનું-મોટું કામકાજ મળે તે કરતા હતા. વારંવાર શ્રીપુર આવતા નહીં.

પત્ની પ્રત્યે રમણીમોહનને પ્રેમ ન હતો એવું ન હતું. નિર્મળાને કોઈ વઢે એ તેમનાથી સહન ન થતું.

એકવાર નિર્મળા તળાવ પર વાસણ માંજવા ગયેલી. વાસણ માંજીને તે ઘરે આવતી હતી. છાતી સુધીનો ઘૂંઘટ ને હાથમાં વાસણનો ટોપલો લઈ ધીમેધીમે ચાલી આવતી હતી. ત્યાં તેને એવો ભાવાવેશ થઈ આવ્યો કે વાસણનો ટોપલો નીચે પડ્યો.

થોડીવાર પછી બાહ્ય ભાન પાછું ફરતાં તેણે વાસણો ભેગાં કરી ટોપલામાં ભર્યાં. એક થાળીનો કાંઠો ભાંગી ગયો હતો. એ જોઈ બીજી સ્ત્રીઓને નિર્મળાની દયા આવી.

નિર્મળા વાસણ લઈને ઘેર પહોંચે તે પહેલાં જ બેત્રણ સ્ત્રીઓ

તેના ઘેર પહોંચી ગઈ. એ વખતે રમણીમોહન મોટાભાઈની ખબર કાઢવા આવ્યા હતા. પેલી સ્ત્રીઓએ થાળી તૂટ્યાની વાત કરી તેમને કહ્યું, 'ઘરમાં ખબર પડશે તો ઉલ્કાપાત મચી જશે. તમે બધું સંભાળી લેજો.'

નિર્મળા વાસણ લઈને ઘરે આવી ત્યારે તેની પાસેથી બધી હકીકત જાણી તેમણે કહ્યું, 'અત્યારે આ વાત કોઈને કહેતી નહીં. રાત્રે એ ભાંગેલી થાળીમાં મને જમવાનું પીરસજે.'

નિર્મળાએ તો પતિની આજ્ઞાનું પાલન કર્યું. રમણીમોહન એ તૂટેલી થાળીમાં જમ્યા. તેમના જમી રહ્યા પછી થાળી પડવાનો અવાજ આવ્યો. 'શું થયું ? શું થયું ?' કરતાં બધાં દોડી આવ્યાં.

રમણીમોહને કહ્યું, 'કશું થયું નથી. મારા હાથમાંથી આ થાળી પડી ગઈ એટલે એનો કાંઠો તૂટી ગયો.'

'ઓહ, મને તો એમ કે કોણ જાણે શું ય થયું હશે !'

દિયરના હાથે થાળી તૂટી તેમાં પ્રમોદાસુંદરીને કશું વાંધાજનક ન લાગ્યું. વાત એમ જ પતી ગઈ.

પરંતુ નિર્મળાને ચેન ન પડતું. તેણે પતિને કહ્યું,

'ખરેખર તો થાળી મારાથી તૂટી છે ને તમે તમારાથી તૂટી એમ કહ્યું એ બરાબર કર્યું ન કહેવાય.'

પ્રેમાળ પતિએ પત્નીને પ્રેમથી સમજાવી, 'હા, ખોટું તો જરૂર કહેવાય, પરંતુ તારી સાથે રહેલી સ્ત્રીઓએ મને વિનંતી કરીને બાંધી લીધો હતો કે મારે આ રીતે કરવું પડ્યું. પ્રેમને વશ થઈને કોઈ કાર્ય કરાય તો તેમાં કંઈ દોષ લાગતો નથી.'

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**



# ॥ યોગમાં માનવસંબંધો ॥

તમે આ યોગનો સિદ્ધાન્ત સમજ્યા હો એમ લાગતું નથી. પ્રાચીન યોગની માગણી હતી ખુદ દુન્યવી જીવનને જ છોડી દેવા સુધી વિસ્તરતો સંપૂર્ણ સંન્યાસ. તેને બદલે આ યોગનું લક્ષ્ય છે એક નવું અને રૂપાન્તરિત જીવન. પરંતુ તે એટલી જ ચુસ્તતાથી મન, પ્રાણ અને શરીરમાંથી ઇચ્છા અને આસક્તિને સંપૂર્ણપણે ફેંકી દેવાનો આગ્રહ તો રાખે જ છે. તેનું ધ્યેય છે જીવનનો પાયો બદલીને આત્માના સત્યમાં નાંખવો અને તે હેતુ માટે આપણે જે છીએ અને જે કરીએ છીએ તે બધાનાં મૂળિયાં મન, પ્રાણ અને શરીરમાંથી ખસેડી મનની ઉપરની વધુ મહાન ચેતનામાં નાંખવાં. એનો અર્થ એ થયો કે નવા જીવનમાં બધાં જોડાણો ગાઢ આધ્યાત્મિક સંબંધ તથા એક એવા સત્ય પર થવાં જોઈએ કે જે આપણી અત્યારની ચેતનાને આધાર આપી રહેલા કોઈ પણ સત્ય કરતાં સાવ જૂદું જ હોય. ઊર્ધ્વતર (આધ્યાત્મિક) સાદ આવે ત્યારે જેમને સ્વાભાવિક સ્નેહસંબંધો કહેવામાં આવે છે તેમને છોડી દેવાની વ્યક્તિએ તૈયારી રાખવી જોઈએ. જો તેમને સહેજ પણ રાખવામાં આવે તો પણ માત્ર એવા પરિવર્તન સાથે કે જે તેમને બિલકુલ જ રૂપાન્તરિત કરી દે. પરંતુ તેમને ત્યજી દેવા કે ચાલુ રાખવા અને પરિવર્તિત કરી દેવા એ વ્યક્તિગત ઇચ્છાઓ દ્વારા નહીં, પરંતુ ઉપર રહેલા સત્ય દ્વારા નક્કી થવું જોઈએ. બધું જ યોગના સર્વોપરી સ્વામીને સોંપી દેવું જોઈએ...

બધા સાધકોએ એકબીજાથી અળગા અને સામસામે તલવાર

ખેંચીને રહેવું જોઈએ એ વિચાર પોતે જ એક પહેલેથી ઘડી રાખેલો વિચાર છે અને તેને છોડી દેવો જોઈએ. યૌગિક જીવનનો નિયમ છે સંવાદિતા, અને નહીં કે ઝગડો. આ પૂર્વઘડિત વિચાર કદાચ નિર્વાણને ધ્યેય માનતા જૂના ખ્યાલમાંથી ઉત્પન્ન થયો છે; પરંતુ અહીં (આપણા યોગમાં) નિર્વાણ ધ્યેય નથી. અહીં તો ધ્યેય છે જીવનમાં ભગવાનનો સાક્ષાત્કાર, અને તે માટે એકતા અને સહકાર અનિવાર્ય છે.

યોગનો આદર્શ એ છે કે બધું જ ભગવાનમાં અને ભગવાનની આસપાસ કેન્દ્રિત થયેલું હોવું જોઈએ અને સાધકોનું જીવન પણ એ મજબૂત પાયા ઉપર મંડાયેલું હોવું જોઈએ, તેમના વ્યક્તિગત સંબંધોમાં પણ ભગવાન કેન્દ્રમાં રહેલા હોવા જોઈએ. વળી બધા સંબંધોનો પાયો પ્રાણિક ન રહેતાં આધ્યાત્મિક બની જવો જોઈએ-આનો અર્થ એ કે સાધકોને એકબીજા સાથે જે કોઈ પણ સંબંધો હોય તેમાંથી બધી ઈર્ષા, સંઘર્ષ, ધિક્કાર, તીવ્ર અણગમો, હાડવેર અને બીજા પ્રાણિક દુષ્ટ ભાવોને તેમણે ત્યજી દેવા જોઈએ, કેમ કે તે આધ્યાત્મિક જીવનનો ભાગ બની શકે નહીં. એ જ રીતે સર્વ અહંકારી પ્રેમ અને આસક્તિએ પણ અદૃશ્ય થવું પડશે-એવો પ્રેમ કે જે માત્ર અહં માટે જ પ્રેમ કરે છે, અને જેવો અહં ઘવાય અથવા તો સંતોષાય નહીં, કે તરત જ પ્રેમ મટી જાય છે અને દીર્ઘદ્વેષ અને ધિક્કાર સુદ્ધાંમાં પરિણમે છે. પ્રેમની પાછળ એક સાચી જીવન્ત અને ટકી રહેનારી એકતા હોવી જોઈએ. અલબત્ત, આપણે અહીં સ્વીકારી જ લઈએ છીએ કે કામવાસનાવિષયક અશુદ્ધિ જેવી વસ્તુઓ પણ અદૃશ્ય થવી જ જોઈએ.

એવું નથી કે વ્યક્તિ સાધકોના વર્તુળની બહારના લોકો સાથે



સંબંધ રાખી ન શકે; પરંતુ જો અંતરમાં આધ્યાત્મિક જીવનનો વિકાસ થાય તો તે ત્યાં પણ અનિવાર્યપણે સંબંધ ઉપર અસર પાડે જ અને સાધકને પક્ષે તેને આધ્યાત્મિક બનાવે. અને એવી કોઈ આસક્તિ હોવી ન જોઈએ જે એ સંબંધને વિઘ્ન અથવા ભગવાનનો પ્રતિસ્પર્ધી બનાવી દે. કુટુંબ વગેરે તરફની આસક્તિ ઘણી વાર એવી હોય છે, અને જો એમ હોય તો (આધ્યાત્મિક વિકાસ થતાં) સાધકમાંથી તે ખરી પડે છે. આ એક એવી તાકીદની જરૂરિયાત છે જે, મને લાગે છે કે, વધુ પડતી ગણાવી જોઈએ નહીં. જો કે આ બધું ધીમે ધીમે થઈ શકે; વર્તમાન સંબંધો કાપી નાંખવા એ કેટલાંકને માટે જરૂરી હોય છે, બધાંને માટે નહીં. જોકે (સંબંધોનું) રૂપાન્તર, તે ગમે તેટલું ક્રમિક હોય તો પણ, અનિવાર્ય છે-જ્યાં સંબંધવિચ્છેદ કરવો યોગ્ય હોય ત્યાં વિચ્છેદ..

તમારા પ્રાણે બીજાંઓ સાથેના સંબંધોમાંથી જે સંતોષની અપેક્ષા રાખી હતી તે તેને મળતો નથી તે તમારા સ્વભાવને કારણે અથવા કમનસીબીને કારણે નહીં. આ સંબંધો કદાપિ સંપૂર્ણ અથવા કાયમી સંતોષ આપી શકે નહીં. જો તે આપી શકતા હોત તો મનુષ્ય ક્યારેય પણ ભગવાનની ખોજ કરે એ માટેનું કારણ જ રહેત નહીં. તે સામાન્ય પાર્થિવ જીવનમાં સંતુષ્ટ રહેત. જ્યારે ભગવાન મળે અને ચેતના સાચી ચેતનામાં ઊંચકાય ત્યારે જ બીજાંઓ સાથેના સાચા સંબંધો બંધાઈ શકે છે.

માનવજીવનમાં જે સંબંધો સામાન્ય પ્રાણિક પ્રકૃતિનો ભાગ છે તેમનું આધ્યાત્મિક જીવનમાં કોઈ મૂલ્ય નથી. ઊલટાના તેઓ પ્રગતિમાં દખલ દે છે; કેમ કે મન અને પ્રાણને પણ સંપૂર્ણપણે

ભગવાન તરફ વાળી દેવાં જોઈએ. વળી સાધનાનો હેતુ છે આધ્યાત્મિક ચેતનામાં પ્રવેશ કરવો અને પ્રત્યેક વસ્તુનું મંડાણ નવા આધ્યાત્મિક પાયા ઉપર કરવું, જે ત્યારે જ થઈ શકે કે જ્યારે વ્યક્તિએ ભગવાન સાથેના સંપૂર્ણ ઐક્યમાં પ્રવેશ કર્યો હોય. ત્યાં સુધી તો વ્યક્તિએ બધાં માટે એક શમિત શુભેચ્છા રાખવી જોઈએ, પરંતુ પ્રાણિક પ્રકારના સંબંધો સહાય કરતા નથી-તેઓ ચેતનાને નીચે પ્રાણિક આધાર પર રાખે છે અને ઊર્ધ્વતર ભૂમિકાએ ચઢતાં અટકાવે છે.

યોગ શરૂ કર્યા પછી સંબંધોનો આધાર શારીરિક ઉદ્ભવ અથવા શારીરિક ચેતનાની ટેવો પર ઓછો અને સાધના પર વધારે અને વધારે હોવો જોઈએ-પાયામાં હોવા જોઈએ સાધકના સાધકો સાથેના સંબંધો; બીજાંઓ તરફ સામાન્ય રીતથી અથવા જૂના દૃષ્ટિકોણથી ન જોતાં તેઓ એક જ માર્ગ પર મુસાફરી કરતા આત્માઓ છે અથવા માતાજીનાં બાળકો છે એ રીતે તેમને જોવાં જોઈએ...

જ્યારે કોઈ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરે ત્યારે સામાન્ય પ્રકૃતિમાં રહેતાં કૌટુમ્બિક બંધનો ખરી પડે છે-વ્યક્તિ જૂની વસ્તુઓ તરફ ઉદાસીન થઈ જાય છે. આ ઉદાસીનતા છુટકારો બની રહે છે. તેમાં સહેજ પણ કઠોરતા ન હોવી જોઈએ. જૂના શારીરિક સંબંધોમાં બંધાયેલા રહેવું એનો અર્થ સામાન્ય પ્રકૃતિમાં બંધાયેલા રહેવું અને તેનાથી આધ્યાત્મિક વિકાસ રુંધાવાનો.

–શ્રી અરવિન્દ



# ॥ પ્રભુને બધું જ સમર્પી દો ॥

તમે જેમ જેમ પ્રભુને તમારી જાતનું વધુ ને વધુ સમર્પણ કરતાં જશો તેમ તેમ પ્રભુ વધુ ને વધુ તમારી સાથે રહેશે-સંપૂર્ણપણે, સતત, પ્રત્યેક પળે, તમારા સર્વ વિચારોમાં, તમારી સર્વ જરૂરિયાતોમાં; અને એવી એક પણ અભીપ્સા નહીં હોય જેનો તત્કાળ ઉત્તર ન મળે; અને તમને એક સંપૂર્ણ સતત નિકટતાનો, એક પૂર્ણ સમીપતાનો અહેસાસ થશે. જાણે કે પ્રભુ બધો વખત તમારી સાથે ન હોય ! તમે ચાલો અને એ તમારી સાથે ચાલે છે, તમે સૂઓ અને તે તમારી સાથે સૂવે છે, તમે ખાઓ અને એ તમારી સાથે ખાય છે, તમે વિચારો અને એ તમારી સાથે વિચારે છે, તમે પ્રેમ કરો અને એ તમારો પ્રેમ બની રહે છે. પરંતુ આ માટે વ્યક્તિએ પોતાની જાત પૂરેપૂરી, સંપૂર્ણપણે, કેવળ પ્રભુને સમર્પિત કરી દેવી જોઈએ; કશું જ બાકી રાખવું જોઈએ નહીં, કશું જ પોતાને માટે રાખવું જોઈએ નહીં અને કશું જ બાજુએ રાખી મૂકવું જોઈએ નહીં, કશું જ વેડફવું પણ ન જોઈએ : તમારા સત્‌માં નાનામાં નાની વસ્તુ કે જે પ્રભુને આપવામાં આવી નથી તે બગાડ છે; એ તમારા આનંદનો બગાડ છે, કંઈક એવું કે જે તમારી ખુશીને એટલે અંશે ઓછી કરે છે; અને તમે પ્રભુને જે કંઈ નથી આપતા તે બધું જ પ્રભુ પોતે તમને આપી દે એ શક્યતાના માર્ગમાં તમે જાણે કે (અવરોધરૂપે) ધરી રાખો છો. તમે પ્રભુને તમારી નજીક, સતત તમારી સાથે નથી અનુભવતા કેમ કે તમે પ્રભુના થઈને રહ્યાં

નથી, તમે બીજી સંકડો વસ્તુઓ અને લોકોના થઈને રહ્યાં છો; તમારા વિચારોમાં, તમારા કર્મોમાં, તમારી લાગણીઓમાં, તમારા આવેગોમાં...એવી લાખ્ખો વસ્તુઓ છે જે તમે પ્રભુને આપતા નથી, અને તેથી જ તમને લાગતું નથી કે પ્રભુ સદાય તમારી સાથે છે, કેમ કે આ બધી વસ્તુઓ તમારી અને પ્રભુની વચ્ચે આવતાં ઘણાં બધાં પડદાઓ અને દીવાલો છે. પરંતુ જો તમે તેમને બધું જ આપી દો, જો તમે કશું જ બાકી રહેવા ન દો, તો પછી જે કંઈ કરો તે સર્વમાં, તમે જે કંઈ વિચારો તે સર્વમાં, તમે જે કોઈ લાગણી અનુભવો તે સર્વમાં, હંમેશાં, પ્રત્યેક પળે પ્રભુ સતત અને સંપૂર્ણપણે તમારી સાથે રહેશે. પરંતુ આ માટે તમારે તમારી જાત પૂરેપૂરી આપી દેવી જોઈએ, કશું જ બાકી રાખવું જોઈએ નહીં. તમે બાકી રાખેલી પ્રત્યેક નાનકડી વસ્તુ પ્રભુની અને તમારી વચ્ચે દીવાલ ચણવા માટે તમે મૂકેલો એક પથ્થર છે.

પ્રત્યેક ક્ષણે એક અભીપ્સામાં તમે તમારી ઈચ્છાશક્તિની ભેટ ધરી શકો; અને એ એવી અભીપ્સા કે જે માત્ર ''હે પ્રભુ ! તમારી ઈચ્છા મુજબ થાઓ'' એટલું જ કહેતી ન હોય, પરંતુ ''વરદાન આપો કે કરવા યોગ્ય ઉત્તમ વસ્તુ હોય તે મારાથી શક્ય હોય એવી ઉત્તમ રીતે હું કરું'' એમ કહેતી હોય.

કરવા યોગ્ય ઉત્તમ વસ્તુ કઈ છે અથવા તે કેવી રીતે કરવી એ પ્રત્યેક ક્ષણે તમે ન જાણતા હો તે બનાવાજોગ છે, પરંતુ શક્ય તેટલી ઉત્તમ વસ્તુ શક્ય તેટલી ઉત્તમ રીતે કરવાની તમારી ઈચ્છાશક્તિ તમે ભગવાન સમક્ષ મૂકી શકો. તમે જોશો



કે તેનાં અદ્‌ભુત પરિણામો આવશે. આ તમે સભાનતાપૂર્વક, સચ્ચાઈથી અને ખંતપૂર્વક કરો, અને તમે જોશો કે તમે હરણફાળ ભરી આગળ વધી રહ્યા છો. તો એ એમ છે, નહીં ? વ્યક્તિએ વસ્તુઓ પોતાના આત્માના સઘળા ઉત્સાહ સાથે, પોતાની ઈચ્છાશક્તિના સઘળા બળપૂર્વક કરવી જોઈએ, જે ઉત્તમ હોય, જે ઉત્તમ વસ્તુ હોય, તે જ પ્રત્યેક ક્ષણે કરવી જોઈએ. બીજાંઓ શું કરે છે એ તમારે જોવાનું નથી. આ એક એવી વસ્તુ છે જેને હું ગમે તેટલી વાર દોહરાવીશ તો પણ તે પૂરતું નહીં ગણાય.

—શ્રીમાતાજી

'હે અર્જુન ! મારા ભક્ત જે પળવાર માટે પણ મારાથી વિભક્ત નથી એમને સંસારની ચિંતા કેવી ? સંસાર સાથે એમને શું લેવાદેવા? એમને ન તો ફિકર છે સુખની કે ન તો દુઃખની. એમનું તો એક જ ધ્યેય છે જીવવું. જેણે જન્મ આપ્યો છે, સંસારના રૂપે જે સામે જ ઊભા છે, તેમની સાથે તાદાત્મ્ય સાધવું. એ સાધીને એ ચાલ્યા જાય છે. આવા ભક્ત તો મારું કુટુંબ-ભાર્યા-કાન્તા છે. એટલે ભક્તનું કાંઈપણ કરવામાં મને લજ્જા નથી. એમને માટે રથ હાંકવો પડે, રાજસૂય યજ્ઞમાં એંઠાં પતરાળાં ઊઠાવવાં પડે; કોઈ કામમાં મને લજ્જા નથી.'

## ॥ સનાતન પ્રેમની પ્રાપ્તિ ॥

૧૯૭૫ના વર્ષે એ જ માધવબાગમાં પૂ.શ્રીનાં બીજી વખતનાં પ્રવચનો સાંભળવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

એ દિવસોમાં એક વહેલી સવારે-સવારની આળસભરી પ્રિય અવસ્થામાં સુતા હતા અને એક દર્શન થાય છે બંધ આંખે. પૂ.શ્રી યોગેશ્વરપ્રભુનાં દર્શન થાય છે. એ જ શ્વેત વસ્ત્રો... ગૌરવર્ણ-વિષ્ણુઆકૃતિ મુખ મંડળ...કરૂણાસભર નયનકમળ. આ બાળકને સુતું જોઈને મધુર વાણીમાં-કરૂણાભાવે છતાં સુદૃઢ સ્વરે બોલ્યા. ''ઊઠો-બહુ સુતા...જાગો...હવે જાગવાનું છે.''

બસ આટલું દર્શન ! અને સંદેશ ! આદેશ આપીને પૂ.શ્રી પ્રભુજી અદૃશ્ય થયા. તરત જ સવારની એ પ્રિય આળસનો ત્યાગ કરીને ઊભો થયો અને વિચાર આવ્યો કે ક્યારેય (હું) સવારના સત્સંગમાં નથી ગયો. ચાલ આજે સવારના સત્સંગમાં જાઉં. સાંજનો સત્સંગ-માધવબાગ-લક્ષ્મીનારાયણ મંદિરમાં સી.પી.ટેંક-મુંબઈ સેન્ટ્રલ અને સવારનો સત્સંગ ''ભારતીય વિદ્યાભવન''માં વિલસન કોલેજની પાછળના રોડ પર થતાં (મુંબઈ સેન્ટ્રલમાં) તરત જ સ્નાન વ.થી નિવૃત્ત થઈ સત્સંગમાં જવા નિકળયા. રસ્તામાં વિચાર આવ્યો કે આપણે ક્યારેય કોઈનેય (સંત કે અન્યને) ફૂલમાળા પહેરાવી નથી. આજે પૂ.શ્રીને ફૂલમાળાના રૂપમાં પ્રેમનો હાર પહેરાવીએ. અને માળીની દુકાન પરથી ફૂલમાળા ખરીદી. ભારતીય વિદ્યાભવનમાં પહોંચ્યા. ત્યારે સવારના સાત વાગ્યા હતા. પ્રવચન શરૂ થઈ ગયું હતું. હોલમાં પ્રવેશ કરતાં પહેલાં જ



પૂ.શ્રીનો ચૈતન્યસંસ્પર્શ થયો. ભીતરમાં ઈશ્વરીય પ્રેમનું પ્રબળ પ્રાકટ્ય થયું. એક નશો ચઢવા લાગ્યો. અંતરમાં...''હે પ્રભુ...હે પ્રભુ'' થવા લાગ્યું શ્વાસ ઊંડો અને ધીમે ચાલવા લાગ્યો. ચાલવામાં મુશ્કેલી થવા લાગી. થોડીવાર ઊભો રહ્યો પછી જ્યાં શ્રોતા બેઠા હતા ત્યાં સૌથી પાછળ બેસી ગયો..પ્રવચન પર મન ના ગયું. એ પ્રેમનશામાં જ અવગાહન કરતું રહ્યું. એક અવ્યક્ત નશો...વચ્ચે વચ્ચ આંખો બંધ થઈ જાય. અવ્યક્ત એવું આનંદસભર મૌન (આ અવસ્થાને કેમ સમજાવવી તે સમજાતું નથી.)

પ્રવચનની પૂર્ણાહૂતિ થઈ. સૌ ભક્તો પૂ.શ્રીને પ્રણામ કરવા-આશીર્વાદ મેળવવા કતારમાં ઊભા રહ્યા. આ બાળક પણ ઊભો થયો અને કતારમાં જોડાયો હજી પણ ભીતરમાંથી એ નશો પ્રકટ્યા કરતો હતો. સંપૂર્ણ હોશ ન હતો. સંયમ કરવાનો પ્રયત્ન છતાં...એ ભીતરથી ઊભરાયા જ કરતો હતો. પૂ.શ્રી પાસે પહોંચતાં જ પૂ.શ્રીએ ધીમા અવાજે કહ્યું.

''આવી ગયા !''

આ બાળક કંઈ જ બોલી શક્યો નહીં. મૌન રહી પૂ.શ્રીને જોયા કર્યા. આ બેસુધ બાળકનાં હાથમાં માળા જોઈ. પૂ.પ્રભુશ્રીએ સ્વયં મસ્તકને થોડુંક આગળ કર્યું. ત્યારે આ બાળકે હાર પહેરાવ્યો !! પૂ.શ્રી પ્રભુ કંઈક બોલ્યા. પણ વાત પકડાઈ નહીં. ધ્યાનથી સાંભળવા પ્રયત્ન કર્યો. પૂ.શ્રી કહે ''આપણી નડિયાદમાં ધ્યાનસાધનાશિબિર છે. તમે આવજો..તમને ગમશે..આનંદ આવશે. આટલું સાંભળ્યું ત્યાં તો એ જ પ્રેમ નશો ફરી પ્રકટ્યો. પ્રભુશ્રીએ જોઈ લીધું કે આ છોકરો પ્રેમાનંદમાં કાંઈ જ સાંભળી શકતો નથી. એટલે કોઈ ભાઈને

(શ્રી વિશ્વનાથભાઈ જાની) બોલાવ્યા કહ્યું. આ ભાઈને શિબિરની માહિતી આપો. સાથે શું...શું...લાવવાનું છે? તે પણ કહેજો. એ ભાઈ આ બાળકને એક બાજુ લઈ ગયા. કહ્યું.'' આ શિબિરની પત્રિકા છે. એમણે જ વાંચી સંભળાવી. (હવે મન-બુદ્ધિ થોડાંક વ્યવહારિક હતા) એમણે આગળ કહ્યું, એક તાંબાનો લોટો, એક શેતરંજી એક ગીતાનું પુસ્તક, એક ટૉર્ચ વગેરે લઈ આવવાની સૂચના આપી. આ ભદ્રપુરૂષે ખૂબ પ્રભુપ્રેમથી પ્રેરાઈ શિબિરમાં આવવાનો આગ્રહ કર્યો. આ બાળકે બોલ્યા વિના જ મસ્તક હલાવીને સ્વીકૃતિ આપી. પૂ.શ્રી પ્રભુજી ભક્તોની વિદાય લઈ રહ્યા હતા. કારણ કે આજે પ્રવચનોનો અંતિમ દિવસ હતો. આ બાળકે દૂરથી જ હાથ જોડી પ્રણામ કર્યા. પ્રભુશ્રીને એ સનાતન પ્રેમીને...પ્રેમને !

આ ઘટના પર ત્યારે તો કાંઈ વિચારો આવ્યા ન હતા. ફક્ત તે ઘટનાને માણ્યા કરી. વર્ષો પછી સમજાયું કે એ દર્શન થવું...જગાડવા...અને ઊઠવા પછી સવારનાં સત્સંગમાં જવાની ઈચ્છા થવી. ફૂલમાળા પ્રભુશ્રીને પહેરાવવાની ભાવના પ્રકટવી...પ્રવચનસ્થળે પહોંચ્યા પછી એ દિવ્ય પ્રેમ નશાનું પ્રકટવું...અને સવિશેષ વ્યક્તિગત રીતે, બાહ્ય કોઈ પરિચય ન હોવા છતાં પ્રથમવાર નજદીક ગયા..છતાં જાણે પોતાનાં સ્વજનને કહેતાં હોય તેમ કહ્યું.

''આવી ગયા !!''

એની એવી આવશ્યકતા, રુચિને જાણતાં હોય તેમ આપણી નડિયાદમાં ધ્યાનસાધનાશિબિર છે. તમે આવજો. તમને ગમશે. આનંદ આવશે. અને શિબિરની માહિતી આપવા એક ભદ્ર



પુરુષને બોલાવ્યા. આ બધી ઘટના અને આ બાળકની સનાતન મિત્ર..પ્રેમીની શોધ..એ મથામણ..આ બધું વિચારીએ તો એવું સમજાય છે કે જીવનો શિવ સાથે પ્રેમ..મિત્રતા..પોતાનાંપણાનો સનાતન સંબંધ છે. અને એ પ્રેમની ખાતર શિવત્વપ્રેમનું પ્રકટ-મૂર્તરૂપ ધારણ કરી પ્રેમીઓ ખાતર આ પૃથ્વીપટે પ્રકટે છે. અને પ્રેમીને સામાન્ય જીવભાવમાંથી પ્રેમપાન કરાવી. અનેક પ્રકારે સાધન કરાવીને સંપૂર્ણતામાં સ્થિત કરે છે.

આ બાળકને પૂ.પ્રભુશ્રી યોગેશ્વરજીએ જ જગાડ્યા...જગાડ્યા એટલું જ નહીં અધ્યાત્મના સર્વોત્તમ શિખરે પહોંચાડવા...ચલાવ્યા..હાથ પકડીને ક્યારેક ઊંચકીને તો ક્યારેક વઢીને તો ક્યારેક અઢળક વહાલ કરીને. છેવટે આ અબોધ બાળકને ''હું તે છું''ના અનુભવે સદાસદા માટે જાગૃત કર્યો. (હવે કેવી રીતે ના સ્વીકારવું કે સનાતન-શાશ્વત-પરમ પુરુષ-પ્રેમી ખાતર પ્રકટતો નથી ?!)

હવે સાચા અર્થમાં પ્રભુશ્રીને આ જીવને જગાડવા હતા તે અર્થે જગાડયા. એથી વિશેષ એ સનાતન પ્રકટ પ્રેમી પ્રભુશ્રીના સંગે..રંગે શાશ્વત પ્રેમનાં પંથે ધીમે પગે ચાલવા લાગ્યા..અને પૂર્ણ પ્રેમ એવા શ્રી શ્રી મા સર્વેશ્વરીનો પ્રભુશ્રીએ પરિચય કરાવ્યો. જે અલ્પ જ ગ્રહી શકાયો.

એ પરમ પૂર્ણ પ્રેમસ્વરૂપા માએ પણ એ પ્રેમપંથે આગળ ને આગળ ચલાવ્યા. એ મા અને પ્રભુને કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ..પૂર્ણ પ્રેમે પ્રણામ..પ્રણામ..પ્રણામ..!

**–શ્રી 'બાપજી'**

## ॥ મિત્ર : 'જીવનની સંપદા' ॥

પૂજ્યશ્રી ગુરુદેવપ્રભુના પ્રત્યક્ષ જીવનના સાક્ષી બનવાનું સૌભાગ્ય નારાયણકાકાને પ્રાપ્ત થયું હતું. એટલું જ નહીં, શ્રી ગુરુદેવપ્રભુના અનેક કૃપાપ્રસંગોથી એમનો જીવનસાગર છલકાતો હતો.

છેક ચોથા ધોરણથી સાંપડેલું દિવ્ય સાંનિધ્ય પૂજ્યશ્રીના લીલાસંવરણ સુધી અખંડ રહ્યું. એટલે પૂજ્યશ્રીની કૃપાથી 'કાકા' સત્સંગનો મીઠો મહેરામણ બની ગયા. એમાંથી પ્રગટેલી સત્સંગની મીઠી વાદળીઓ જીવનભર સૌના ઉપર વરસતી રહી.

કાકા પૂજ્યશ્રી અને પૂજ્યશ્રી 'મા'ના પ્રગટ જીવનનું પ્રગટ શાસ્ત્ર હતું. જેથી સૌને એમનાં જીવનના દિવ્ય લીલામૃતનું પાન કરાવ્યું.

કાકાના જીવનમાં બાળક જેવી કુતૂહલતા અને ઉલ્લાસ આજન્મ રહ્યાં.

શ્રીરવીન્દ્રનાથ ટાગોરે 'ગીતાંજલિ'માં કહ્યું છે : 'હે પ્રભુ ! મારા માટે સંન્યાસમાં મુક્તિ નથી. મુક્તિનું આલિંગન હું ઉલ્લાસના હજારો બંધનોથી કરું છું. સંસાર પ્રભુની માયા છે તેથી ઉલ્લાસ સંસારમાં જ છે. તેનાથી મુક્તિની શું જરૂર ? જીવન જીવી જાણો, જીવનાસ્થામાં જ મુક્તિ મળશે.' એમ કાકાએ જીવન જીવી જાણ્યું. જીવનને ચારે બાજુથી માણ્યું.



કાકાએ સંસારના દરેક પાસાંઓને રસથી જાણ્યા અને માણ્યા પછી તે પ્રાકૃતિક સૌંદર્ય હોય, સંગીત હોય, રાજકારણ હોય કે ક્રિકેટ હોય, ઉદ્યોગો હોય કે ખેતીવાડી હોય, સામાજિક સંબંધ હોય કે દેશ-વિદેશની અવનવી ઘટનાઓ હોય. સંસારની સર્વ ઉજળી બાજુઓને તેઓ સત્સંગ માનતા. મધમાખીની જેમ કાકાએ ચારેબાજુથી મધુતા શોધી અને જીવનને મધુમય-ઉલ્લાસમય બનાવ્યું.

'તર્પણ'માં પૂજ્યશ્રીએ જ્યોતિર્મયી માતાજીને ધરેલી શ્રદ્ધાંજલિ કાકાની જીવનશૈલીનું દર્શન કરાવે છે. સાદું જીવન, શુદ્ધ વિચાર, વિશદ વાણી, નિર્ભયતા, સ્વાશ્રય, અપરિગ્રહ, આ સર્વ ગુણોની સાથે-એમની ન્યારી ઉપકારકતા

'પીવાનું મૂકીને પાતાં અન્યજનોને પાણી
છાયા ધરતાં તાપ સહીને, અશ્રુ લૂછતાં રોઈ,
ઘા રૂઝવતાં ઝખમી દિલના, સુખ પોતાનું ખોઈ.
શાન્ત, સ્વમાની, પવિત્ર પ્રભુમય જીવનને જીવનારાં
જ્યાં પણ વિચર્યાં વસ્યાં ત્યાં બન્યાં સર્વજનોનાં પ્યારાં.
બગાડ્યું નહીં કોઈનુંય, બગાડવા ના માગ્યું !
સદા સુધાર્યું અન્ય જનોનું બગડ્યું નિજ છે લાગ્યું.'

કાકાનું જીવન સંદેશ આપે છે કે, જીવન ત્યારે જ ધન્ય બને છે જ્યારે કોઈકની આંખોનાં આંસૂ લૂછી શકાય. કોઈકની દર્દભરી જીવનકથામાં સુખ અને આનંદની ઝલક લાવી શકાય. ક્યારેક કોઈ હતાશ હૈયાને આશાનો સંદેશ આપી શકાય.

'અમે એને સલામી દીધી, જેણે જિંદગી બીજાની કીધી
વેદનાઓ અવરની લીધી, અમે સંસ્મૃતિ એની કીધી.'

કાકા અને જીજીનું દાંપત્યજીવન વિકટ સંજોગો વચ્ચે પણ પૂજ્યશ્રી ગુરુદેવનાં શ્રીચરણે સમર્પિત રહ્યું. એમની છત્રછાયામાં સુરક્ષિત રહીને પ્રસન્ન દાંપત્યજીવનનું દૃષ્ટાંત ધરતું ગયું.

શ્રીકૃષ્ણ-સુદામાની મૈત્રીદર્શનની સાક્ષીઓ અષ્ટ પટરાણીઓ હતી જ્યારે પૂજ્યશ્રી અને કાકાની મૈત્રીદર્શનનો સાક્ષી સમગ્ર સત્સંગી સમાજ હતો. 'હિમાલયના પત્રો' એ પરમ મૈત્રીના શાસ્ત્રના પુરાવા છે. એ બંને પરમ મિત્રોએ પોતાના ભક્તોના બધા જ લાડકોડ પૂર્ણ કર્યા. 'નર અને નારાયણ'ની પરમમૈત્રી વિરલ, અજોડ અને અદ્વિતીય રહી.

'અધ્યાત્મ'નું તંત્રીપદ સંભાળતાં પૂજ્યશ્રી પ્રભુએ તેમને આશીર્વાદ આપતાં કહ્યું હતું : 'તમે જીવ અને જીભનું કામ કરશો.' પૂજ્યશ્રીના એ આશીર્વાદ સંપૂર્ણ સત્ય ઠર્યા. આજે 'અધ્યાત્મ' દેશવિદેશમાં પથરાઈને અનેક જીવોનું સત્સંગદ્વારા કલ્યાણ કરી રહ્યું છે.

પૂજ્યશ્રી 'મા' કાકાને પરદેશ પણ લઈ ગયા હતાં. પરદેશમાં સત્સંગીઓના ઘરે–ઘરે પૂજ્યશ્રી'મા'એ અનેક 'સ્વર્ગારોહણ'નું સર્જન કર્યું છે, તે દર્શનનો લહાવો કાકા માટે અનેરો હતો. કાકાએ 'અધ્યાત્મ'નો પ્રસાર વિદેશમાં ઘરે-ઘરે જોઈને પરમ સંતોષનો ઓડકાર અનુભવ્યો.

કાકા સ્વયં તો પ્રભુના પાર્ષદ બન્યા પણ પુત્ર રાજેન્દ્રને



માતૃચરણે પાર્ષદરૂપે ધરીને ધન્યતા અનુભવી ! આ ઉપહાર અનન્ય છે ! આ ઉપકાર અનન્ય છે ! આજે પૂ.'મા'ની આજ્ઞા શિરોધાર્ય ગણીને શ્રી રાજુભાઈ સ્વર્ગારોહણનાં અનેક સેવાકાર્યો અને સત્કાર્યોનું જે રીતે સંચાલન કરી રહ્યા છે અને દેશવિદેશમાં 'સ્વર્ગારોહણ'નાં સેવાકાર્યોની પ્રતિષ્ઠા પ્રસારી રહ્યા છે તે બેમિસાલ છે.

જેમ કાકાએ પૂજ્યશ્રીના શ્રીચરણે જીવન ધરીને જીવનની ધન્યતા અનુભવી તેમ શ્રી રાજુભાઈએ માતૃચરણે મસ્તક ધરીને પૂજ્યશ્રી 'મા'ના આશીર્વાદ એવા પામ્યા કે, સ્વયં 'મા' બોલી ઊઠ્યાં : 'રાજુભાઈ અમારા હાથ-પગ છે.'

હે કાકા,
'શું શું સંભારું ને શું શું પૂજું ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.'
પણ વિનમ્રભાવે પ્રભુને વિનવીએ કે;
'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેતું કરો
તમારા પ્રેમસ્મરણમાં ફરી એકવાર ઝૂમી ઊઠવું છે.'
છેલ્લે,
'આ કાળચક્ર બળવાન ભલે ગણાયું,
તેની ઉપર હશે સ્થાન સદા તમારું.
વાંરવાર શ્રી ચરણે પ્રણામ પ્રણામ પ્રણામ.'

**—શ્રી કલ્યાણજી**

'મૈત્રીના સૂર્યને ક્યારેય રાત્રિ નથી હોતી.'

# ॥ શ્રી યોગેશ્વરજીનો સીધો સત્સંગ ॥

પ્રભુકૃપાથી એક સમયે એવો સંયોગ ઊભો થયો કે શ્રી યોગેશ્વરજીનું શ્રી સુરેશભાઇના નવા આવાસમાં આગમન થયું. શ્રી સુરેશભાઇ મહાત્માજીને પોતાનો નવો આવાસ દેખાડે છે ત્યારે યોગેશ્વરજી સુરેશભાઇને કહે છે, ''એક સમયે આનાથી પણ વધારે સારા કક્ષોમાં અમારાં પરિચારકો રહેતા હતા. તે સમયે અમે રત્નજડિત ચરણપાદુકાઓ ધારણ કરતા હતા. (પ્રભુએ આમાં પોતાના 'બુદ્ધાવતાર'નો સંકેત આપ્યો હતો.)

★એકવાર ગુરુકૃપાથી યોગેશ્વરજીનું આગમન બ્રહ્મપુરીમાં થયેલ. ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ નારાયણકાકાને એક કાગળની ચબરખી આપી જેમાં લખ્યું હતું, ''હું હરજીવન જાની હાલ બ્રહ્મલોકમાં છું. આપણાં ઘરમાં શ્રી યોગેશ્વરજીના આગમનથી હું ખૂબ ખુશ છું. તમે સૌ ભાઇઓએ મારી ઉત્તરક્રિયા દરમિયાન સહુ સગાસંબંધીઓને ખૂબ સારું ભોજન કરાવ્યું તેથી મને બહુ જ સંતોષ થયો છે.'' (શ્રી યોગેશ્વરજી અંતરીક્ષમાંથી કોઇપણ આત્માને આહ્‌વાન કરી બોલાવી શકતા અને એની સાથે વાત પણ કરી શકતા.)

★ એકવાર ભાવનગરના ટાઉનહૉલમાં ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલતા હતા. તે દરમિયાન એક સાંજે અનરાધાર વરસાદ વરસ્યો. પૂ. શ્રીને તાવ પણ હતો. એટલે નારાયણકાકાએ પૂ. શ્રીને આજનું પ્રવચન મુલત્વી રાખવા



સૂચવ્યું તો પૂ. શ્રીએ કહ્યું, ''શ્રોતા આવે કે ના આવે પણ આપણે તો જવું જ જોઇએ.'' અને એવા વરસાદમાં પણ થોડાં શ્રોતાઓ આવેલા અને શ્રી યોગેશ્વરજીએ ખૂબ ખુશ થઇને સૌને સ્ટેજ પર પાસે બોલાવીને સત્સંગ કરાવ્યો હતો.

★ ભાવનગરમાં એક વખત એક ભક્તે ગુરુદેવશ્રીને એક ઘડિયાળ ભેટ આપી. પૂ. શ્રીએ તે કાંડા ઉપર બાંધી, તરત એ ભક્તને પરત કરતાં કહ્યું, ''તમારી ભાવના પૂર્ણ થઇ. અમારી પાસે એક ઘડિયાળ છે તેથી આની આવશ્યકતા નથી. તમે અમારો પ્રસાદ સમજી આ રાખી લો. કેવી નિઃસ્પૃહિતા !

★ એક વર્ષે ભાવનગરમાં ગુરુદેવશ્રીનાં પ્રવચનો દરમિયાન એક બહેને એમની પાસે ફરિયાદ કરી કે 'તેઓ કશું કરતા નથી ને બગીચામાં બેસી રહે છે.' તો પ્રભુએ તેમને બોલાવીને કહ્યું, 'તમે સત્સંગમાં જાવ છો. પ્રવચનો સાંભળવા આવો છો તે સારી વાત છે. પણ તમારા પ્રારબ્ધમાં સંસાર જડાયેલો છે. તેથી પરિવારનું ભરણપોષણ કરવું તે તમારી ફરજ છે. તેનાંથી તમે વિમુખ ન થઇ શકો.' પછી પૂ. શ્રીએ પૂછ્યું, 'તમે શું કરતા હતા?' તે ભાઇએ કહ્યું, 'હું કાપડની ફેરી કરતો હતો.' તો પ્રભુએ તેમને અમુક રકમ આપી ફરીથી ધંધો કરવા પ્રેર્યા.

★ ભાવનગરમાં જ્યારે જ્યારે પૂ. શ્રીના પ્રવચનોનું આયોજન થતું ત્યારે ત્યારે સામાન્યરીતે વ્યાસપીઠ ઉપર શ્રોતાઓ કાંઇક ને કાંઇક રકમ મૂકતા પરંતુ શ્રી યોગેશ્વરજી કદી આ રકમને સ્પર્શ ના કરતા, કોઇ યોગ્ય વ્યક્તિને લઇ લેવા કહેતા;

પછી તે રકમ ગમે તેટલી મોટી કેમ ના હોય ! કેવો અનાસક્ત ભાવ !

★ શ્રી યોગેશ્વરજી કહેતા 'જેણે અમારો હાથ પકડ્યો છે તે લક્ષચોરાસીના ફેરામાંથી મુક્ત ના થાય ત્યાં સુધી અમે તેનો હાથ છોડીશું નહિ.'—આવું અભયવચન કોણ આપે?

**—શ્રી કનૈયાલાલ ઝિંઝુવાડ્યા**

ભક્તની નિઃસ્પૃહતા અનુભવાતાં પ્રભુનો પ્રત્યક્ષ થયે છૂટકો થાય છે. એનું ઉજ્જવળ દૃષ્ટાન્ત રૈદાસ છે. રૈદાસના ઝૂંપડામાં એક મહાત્મા પધારી કહે છે : 'હું તમારા દારિદ્રયનો નાશ કરવા આવ્યો છું.' તો રૈદાસ બોલ્યા : 'અરે પ્રભુ ! આપને કોણે કહ્યું કે, હું દરિદ્ર છું ? હું તો ધનવાનોનો પણ ધનવાન છું.' છતાં મહાત્માએ તેને પારસમણિ આપવા ચાહ્યો ત્યારે રૈદાસે હાથ જોડી કહ્યું; 'ના, મહાત્માજી.' તેમણે પૂછ્યું; ત્યારે તારે જોઇએ છે શું? રૈદાસે કહ્યું; 'તમારા જેવા સંત—સાધુઓનું દર્શન. મારા હાથનું ભોજન સ્વીકારો. બસ. એ જ આનંદ. મારો સચ્ચિદાનંદ!' એ જ ક્ષણે સાધુ અદશ્ય થઇ ગયા ને રૈદાસની સામે પ્રકાશ—પ્રકાશ પથરાયો, પ્રકાશનો જાણે ધોધ વરસ્યો ! આ પ્રકાશની વચ્ચે તેણે ભુવનમોહન શ્યામના મુખની રેખાઓ જોઇ !



# ॥ દશરથાચલ—જપયાત્રા ॥

તા. ૫—૩—૨૦૧૮, હરિદ્વાર આર્ય નિવાસમાં સત્સંગની બેઠકમાં પૂજ્ય 'મા' દશરથયાત્રી બેનોને યાત્રા વિષે બોલવા કહે છે તેઓએ સુજાનકાંડામાં રાતવાસો કરેલો. તેથી કહે છે કે આ પવિત્ર વાતાવરણમાં મૌન રહેવું જ ગમે. કાનમાં એક પ્રકારનો નાદ ચાલુ થાય છે, મન જપમાં જોડાયેલું રહે છે. મને પણ ૨૦૧૩માં અહીં એવો જ અનુભવ થયેલો અને આ સ્થળે જપ કરવાની પણ ઇચ્છા થઇ. આ દિવ્યતા, પવિત્રતાની પાછળનું કારણ પૂજ્ય 'મા'નો પવિત્રવાસ. ૧૯૯૨ માં દશરથયાત્રા વખતે પૂજ્ય 'મા' બે રાત અહીં વસેલા. એથી પ્રભુએ પૂજ્ય 'મા'ને લખેલી અંજલિના શબ્દો અહીં સાચા ઠરે છે. "એ જ્યાં જ્યાં જશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. તે પરમ તીર્થરૂપ છે. એમને અંજલિ આપતા મેં કહ્યું જ છે, તમારા ચરણોમાં તીર્થો છે, સમસ્ત સંસારનાં તીર્થો છે. તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી જ પ્રગટ્યા છે."

દશરથયાત્રી બેનોની વાત પછી પૂજ્ય 'મા' સ્લેટમાં લખે છે "સાત દિવસ રહી શકાય, ૧૫ મિનિટ ચાલવું, પછી તે સ્થળે બેસીને સાધના કરવી. સુજાનકાંડા પછી દશરથની શરૂઆત થઇ જાય છે. રોજ જવું ને રાત્રિ પહેલાં પાછા આવતાં રહેવું એ રીતે થઇ શકે." આ શબ્દો એ જ ક્ષણે મારા અંતરમાં અંકિત થઇ ગયા. ખ્યાલ આવી ગયો કે મને ઉદ્દેશીને જ આ શબ્દો પૂજ્ય 'મા' એ લખ્યા છે. નક્કી કરી લીધું કે સુજાનકાંડા જપ કરવા

જવું જ છે. આનું મુખ્ય કારણ એ છે કે ગઈ કાલે હું ઋષિકેશથી હરિદ્વાર આવી રહ્યો હતો ત્યારે બસમાં એક કલાકનું સતત મનોમંથન ચાલ્યું, જવું કે ન જવું.

વાત એમ છે કે મારે જવું હતું દશરથાચલ પર્વત પર ૧૦ દિવસ મૌન એકાંત જપ સાધના માટે પરંતુ દશરથાચલ પર જૂના મકાનો બધાં પડી ગયા છે. અને નવું મકાન બન્યું છે તેને બારણાં (શટર) નથી. રાત્રે સૂવા માટે એક બારણાં-બંધ મકાન તો જોઈએ કારણ દશરથાચલ પર વાઘ અને રીંછની વસ્તી છે. દશરથ મૌન એકાંત જપ સાધનાની ખૂબ ઈચ્છા હતી પણ આ મૂંઝવણભરેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અનિચ્છાએ પ્રોગ્રામ મોકુફ રાખ્યો.

ગઈકાલની આ મારી આખી મનોવ્યથા પૂજ્ય 'મા' પામી ગયા અને મારી સાધનાત્મક મૂંઝવણનો ઉકેલ પૂજ્ય 'મા'એ શીઘ્રાતિશીઘ્ર બીજે જ દિવસે આપી દીધો. થેન્ક્યુ 'મા'.

પૂજ્ય 'મા' ના એક જ વાક્યથી મારા મનનો મણનો ભાર ક્ષણમાં જ કણનો થઈ ગયો એ શબ્દો હતા : "સુજાનકાંડા પછી દશરથની શરૂઆત થઈ જાય છે." અને એક આશા બંધાણી કે આ રીતે મારી જપયાત્રા પાર પાડી શકાશે.

પૂજ્ય 'મા'ના મનમાં એક જ ચિંતન ચાલતું હોય છે કે આ ભક્તોનું આધ્યાત્મિક ઉત્થાન કેવી રીતે થાય? ક્યારે થશે? એ માટે પૂજ્ય 'મા' સતત ઉત્સુક ને કાર્યરત હોય છે. વિશ્વ કલ્યાણની અમૂલ્ય ક્ષણો એ પાછળ ખર્ચવા અચકાતાં નથી. પૂજ્ય 'મા' પહેલા કથામૃત વાંચે ને કલાકોનાં મંથન પછી



(નવનીત) સાર આપણને સત્સંગમાં સંભળાવે છે. કેટલી ઝીણવટભરી કાળજી પૂજ્ય 'મા' રાખી રહ્યા છે. પૂજ્ય 'મા' હવે એવું ઈચ્છે છે કે બાળકો કંઈક નક્કર પરિણામલક્ષી સાધના કરીને આગળ વધે. પૂજ્ય 'મા' એ આપણી બધી જ માગણીઓ અને લાગણીઓને સંતોષી છે. તેના બદલામાં પૂજ્ય 'મા' તો માત્ર ને માત્ર એક જ આશા રાખી રહ્યાં છે કે મારો ભક્તબાળ સતત પ્રભુનાં આધ્યાત્મિક માર્ગે આગળ વધીને પ્રભુનું પ્રતિબિંબ બને. સેલ્ફ કન્ટ્રોલથી સંપન્ન બને. મને ગમે તેવો બને.

તા. ૯—૭—૨૦૧૮ અમદાવાદથી નીકળી ૧૨ મીએ સુજાનકાંડાથી જપયાત્રા શરૂ કરી. દરરોજ બપોરે હું ૧૨ વાગ્યા પછી જપ માટે જતો અને સાંજે ૬ વાગે પાછો નિવાસ પર આવી જતો હતો. સુજાનકાંડાથી દશરથના રસ્તે ૧૫ મિનિટ ચાલતાં પાણીની બે ટાંકી આવે છે. તેનાથી સોએક ફૂટ ઉપર ડાબી બાજુ ત્રિકોણાકારમાં ચીડનાં ત્રણ વૃક્ષો છે. ત્યાંટ થોડી લેવલવાળી જગ્યા છે તે સ્થળે બેસીને હું જપ કરતો હતો. જપયાત્રા દરમ્યાન માપ્રભુની કૃપાથી અમે ચાર લાખ જપ અને બે હજાર પ્રણામ કરી શક્યા. તેમજ ગુરુલીલામૃત, વિષ્ણુસહસ્રનામ, પ્રેમસંગીત, શિવમહિમ્ન, સરળ ગીતાનાં પાઠ કર્યા. દૂર ઊંચા ઊંચા વિશાળ પહાડો ઊંડી ઊંડી ગહન ખીણોને જોઈને સહજ જ માપ્રભુને પ્રાર્થના થઈ જાય કે : 'હે માપ્રભુ ! અમારા મનની સંકુચિતતાને મીટાવીને અમારાં મન—અંતરને આ પહાડો જેવડા વિશાળ બનાવી દો, અમારી સાધનાને આ ખીણો જેટલી ગહન બનાવી દો.'

આ પવિત્ર સ્થળે માપ્રભુએ બે વખત મારી રક્ષા કરી છે. (૧) બપોરે ફણગાવેલા મગ ખાતી વખતે ત્રણ–ચાર મગ ભેગા કરીએ એવડી સફેદ પથ્થરની એક કાંકરીને વાસણમાંથી બહાર કાઢવાની પ્રેરણા કરીને મારા દાંતની રક્ષા કરી છે. પૂજ્ય 'મા' સર્વજ્ઞ છે. અનંતકોટિ બ્રહ્માંડને જાણનારા પરબ્રહ્મ પરમાત્મા છે. (૨) પહાડી વીંછીથી અદ્‌ભુત રક્ષા કરી. સાત દિવસમાં રાત્રે બાથરૂમ જતી વખતે મેં ક્યારેય લેમ્પ ચાલુ નથી કર્યો, ટોર્ચ હોવાથી. આઠમે દિવસે વહેલી સવારે ૩–૪૫ વાગે ઊઠતાંવેંત જ આંગળી સ્વીચ પર ગઇ. લાઇટ થતાં જ નીચે મારી પથારીથી ત્રણ ફૂટનાં અંતરે કાળોભમ્મર મોટો પહાડી વીંછી દેખાયો. લાઇટ ચાલુ કરવાનો વિચાર આપી વીંછીના ઝેરથી રક્ષા કરી એ રીતે હંમેશાં હે 'મા' અમારા મનના વેર–ઝેરે એટલે કે ઈર્ષા, અદેખાઇ, દ્વેષભાવ, નફરતથી અમારી રક્ષા કરો જેથી કરીને અમારે આવી ભયંકર યોનિઓમાં ભટકવું ન પડે. પ્રભુની જે શાંતાશ્રમની સાપ ને વીંછીની વાત છે તે હવે સમજાય છે કે માતાજી ને પ્રભુ કેવી વિકટ પરિસ્થિતિમાં રહીને સાધના કરતાં હતાં.

"પ્રભુ પર જીવન છોડ્યું જેણે પ્રેમથી,
પ્રભુ પણ તેને સંભાળે છે નેહથી."

૧૯મી સવારે ૭–૧૫ વાગે માપ્રભુ સાથે (સૂક્ષ્મરૂપે તો માપ્રભુ સાથે જ હોય) દશરથયાત્રા માટે પ્રસ્થાન કર્યું. ૯–૧૫ વાગે પહોંચી, ઝરમર ઝરમર વરસાદમાં બાવની કરી પછી નવા મકાનમાં પ્રણામ, પાઠ, પ્રાર્થના ને જપ કર્યા. અહીં પરમ



શાંતિનો અનુભવ થાય છે. ઊંચાં ઊંચાં વૃક્ષો આ દિવ્ય વાયુ મંડળથી પ્રભાવિત થઇને શાંત અને સમાધિસ્થ દેખાતા હતા. આપણું મન પણ ધ્યાનસ્થ બની જાય. પ્રભુની આ સાધના સ્થળની પસંદગી સર્વશ્રેષ્ઠ છે. આપણને મનમાં થઇ આવે કે આનાથી વિશેષ શાંતિવાળું સ્થળ બીજે ક્યાંય હશે? ૪–૧૫ વાગે પર્વતથી નીચે આવવાનું શરૂ કરી ૬–૧૫ વાગે નિવાસ પર રક્ષાયેલા પાછા આવી ગયા એ બદલ માપ્રભુનો આભાર. પૂજ્ય 'મા'ના ચરણોમાં શત શત પ્રણામ.

–જય કૃપાળુ મા !

**–શ્રી ચન્દ્રકાન્ત પટેલ**

---

ભક્તિમાં ભયનું તત્ત્વ બિલકુલ સ્વીકારાતું નથી. જ્યાં જરાસરખો પણ ભય રહે ત્યાં સુધી ભક્તિનો આરંભ પણ ન થાય. ભક્તિમાં ઈશ્વર પાસે માગણી કરવાની કે બદલો મેળવવાની વાતને કોઈ સ્થાન નથી, ઈશ્વર પાસે કંઈપણ માગવું તે ભક્તિ માટે ઈશ્વરાપરાધ છે. ભક્ત આરોગ્ય, લક્ષ્મી કે સ્વર્ગપ્રાપ્તિ સુદ્ધાં માટે પ્રાર્થના નહીં કરે.

જેને ઈશ્વરને ચાહવો છે તેણે આ બધી ઇચ્છાઓનું પોટલું બાંધીને દરવાજા બહાર મૂકી દેવું જોઈએ. અને પછી જ ઈશ્વરના દરબારમાં દાખલ થવું જોઈએ. પ્રકાશના ક્ષેત્રમાં જે દાખલ થવા ઈચ્છે છે તેણે પોતે દરવાજામાં દાખલ થાય તે પહેલાં 'દુકાનદારીના ધર્મ'નું પોટલું વાળીને ફેંકી દેવું જોઇએ.

**–વિવેકાનંદ**

# ॥ યોગી શ્રીકૃષ્ણપ્રેમ ॥

પહેલા વિશ્વયુદ્ધમાં હું બૉમ્બર વિમાનનો પાઇલટ હતો. મારું કામ જર્મની પર બૉમ્બ ઝીંકવાનું હતું. બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ પર બૉમ્બ ઝીંકવા મને જરાય દિલ થતું નહોતું. પરંતુ તે વખતે મારી ઉંમર કાચી હતી. થોડું વિચારતાં શીખ્યો હતો પણ મારો માર્ગ નક્કી કરી શકું એટલી આવડત નહોતી, તેથી ગાડરિયા પ્રવાહમાં તણાતો જતો હતો...રોજની પેઠે એ દિવસે પણ હું વિમાન લઈને ઊડ્યો હતો—જર્મન ટૅન્ક ઉપર બૉમ્બમારો કરવા ! અચાનક મારી જમણી બાજુએ મેં પાંચ વિમાનો જોયાં. જોવામાં આંખની કંઈ ભૂલ થઈ કે નહિ એ હું નક્કી કહી શકતો નથી. પરંતુ મને ખાતરીપૂર્વક લાગ્યું કે એ અમારાં એટલે કે, રૉયલ એરફોર્સનાં વિમાનો છે, તેથી ખુશ થઈ મેં એ તરફ એટલે કે, જમણી તરફ મારા વિમાનની દિશા બદલી નાખી. એણે વિમાનને ડાબી બાજુએ વાળી દીધું ! આકાશમાં વિમાન દોડતું જતું હતું. ત્રણ—ચાર મિનિટમાં તો હું મારા અડ્ડા પર પાછો આવી ગયો. અડ્ડા ઉપરત ઊતરતાં જ એક પાઇલટે મને કહ્યું : "અચાનક જમણી બાજુએ જર્મનોનાં પાઈલટ વિમાનોની ટુકડી દેખાઈ એટલે અમે ચિંતામાં પડી ગયા હતા કે હવે શું થશે? તું પાછો અડ્ડા પર આવી જાય તો સારું !" આ પ્રસંગનું બયાન કરતાં તેઓ લખે છે : "એ વખતે ભગવાનની કૃપા પર પહેલ-વહેલી દૃઢ શ્રદ્ધા મારામાં પેદા થઈ."

ઉપરોક્ત વિલક્ષણ અનુભવ કરનાર હતા ઉત્તર વૃંદાવનના મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ. તેમનું મૂળ નામ રૉનાલ્ડ નિકસન હતું



તથા તેઓ ઇંગ્લેન્ડના વતની હતા. લશ્કરમાં પાઇલટ તરીકે નોકરી કરતા હતા તે દરમિયાન જ તેમણે આધ્યાત્મિક ગ્રંથોનું વાચન કર્યું હતું. તેમણે બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હતો. આ ધર્મ વિશે વિશેષ જાણવાના ઇરાદાથી કુટુંબીજનોના વિરોધ છતાં તેઓ ભારત આવ્યા. બુદ્ધિથી બધું જ જાણી શકાય છે એવો એમનો ભ્રમ ઉપરોક્ત ઘટનાથી તૂટી ગયો હતો. ઉપનિષદ અને વિવેકાનંદજીના જ્ઞાનયોગે એમની શ્રદ્ધાને પુષ્ટ કરી. ભારત આવી ૧૯૨૧માં લખનૌ યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે જોડાયા. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી મોનિકાદેવીમાંથી 'યશોદામા' નામે સંન્યાસિની બનેલ. લખનૌ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીનાં પત્નીને ગુરુપદે સ્થાપીને નિક્સને કૃષ્ણપ્રેમ નામ ધારણ કર્યું હતું. એક વાર યશોદામાની રજા લઈને શ્રીકૃષ્ણપ્રેમ શ્રી રમણ મહર્ષિના દર્શનાર્થે રમણાશ્રમ પહોંચ્યા. મહર્ષિનાં ચરણ પાસે બેસતાં જ કૃષ્ણપ્રેમને ગેબી અવાજ સંભળાયો : "તું કોણ? શ્રીકૃષ્ણ કોણ?" આનો જવાબ શ્રી કૃષ્ણપ્રેમે આપ્યો : "હું કૃષ્ણનો દાસ છું." ફરીથી અવાજ સંભળાયો : "કૃષ્ણ કોણ ? શ્રીકૃષ્ણ કોણ ?" ઉત્તરમાં શ્રીકૃષ્ણપ્રેમે કહ્યું : "કૃષ્ણ એટલે અંતર્યામી ભક્તવત્સલ આદિ ગુરુ, નિયંતા." આમ છતાં આ ગેબી અવાજ શાંત ન થતાં વધારે સંભળાયો. શ્રીકૃષ્ણપ્રેમને સમજાયું કે મહર્ષિની કસોટીમાં તેઓ નિષ્ફળ ગયા. ધ્યાનમાં બેસવા પ્રયત્ન કર્યો, પણ ધ્યાન લાગ્યું નહિ.

બીજે દિવસે શ્રીકૃષ્ણપ્રેમ મહર્ષિના ખંડમાં ગયા. તેમનાં ચરણ પાસે બેસી ધ્યાન શરૂ કર્યું. નિઃસ્તબ્ધ શાંતિનો તેમને

અનુભવ થયો. શબ્દોમાં ન વર્ણવી શકાય તેવી તે અદ્ભુત શાંતિ હતી. શ્રીકૃષ્ણપ્રેમે પોતાની આંખો બંધ કરી અને મહર્ષિને પ્રશ્ન કર્યો : 'આપ કોણ ?' તરત જ શ્રીકૃષ્ણપ્રેમની આંખો ખૂલી ગઈ અને મહર્ષિની બેઠક તરફ જોયું તો મહર્ષિ પળમાં જ ગાયબ થયેલા જણાયા. શ્રીકૃષ્ણપ્રેમે ફરીથી આંખો મીંચી ધ્યાનમાં જવાનો પ્રયત્ન કર્યો અને આંખો ખોલી જોયું તો મહર્ષિ તેમની અસલ મુદ્રામાં સ્વસ્થાને બેઠેલા જણાયા. મહર્ષિએ શ્રીકૃષ્ણપ્રેમને ઈશારામાં સમજાવી દીધું : "મારો દેહ ભલે રક્તમાંસથી બનેલો છે, પરંતુ હું અસલ સ્વરૂપે, નામરૂપથી પર છું."

શ્રીકૃષ્ણપ્રેમે કહ્યું હતું : "હું પોતે તો આ પ્રસંગને તેમની કૃપાપ્રસાદી રૂપે જોઉં છું—મારા પ્રશ્નનો તેમણે જે રીતે જવાબ આપ્યો તે રીતે જવાબ આપવાને તે એકલા સમર્થ હતા !"

શ્રી રમણ મહર્ષિએ એમના પરમ ભક્ત દોરાઈસ્વામીને યોગી શ્રીકૃષ્ણપ્રેમ વિશે એમ કહ્યું હતું : "શ્રીકૃષ્ણપ્રેમને તમે મળ્યા હતા ? તમે એમને મળજો. એ ભક્ત છે અને જ્ઞાની છે. એક જ વ્યક્તિમાં આવો સુભગ સંયોગ જવલ્લે જ જોવા મળે છે."

ભારતનું નાગરિકત્વ સ્વીકારીને કૃષ્ણપ્રેમે આજીવન અલમોડામાં યશોદામાના આશ્રમમાં જીવન વ્યતીત કર્યું. ૧૪ નવેમ્બર, ૧૯૬૫ના રોજ તેઓ કૃષ્ણલીન થયા.

—શ્રી કાર્તિકેય ભટ્ટ

'જે કૃષ્ણને અંદર ખોળે, બહાર નહીં, ને જ્યારે 'કૃષ્ણ' સિવાય બીજા કશાની સ્પૃહા નહીં હોય ત્યારે એ સ્વયં દર્શન દેશે.'



# ॥ પામવા પરમને તજ પામરતા ॥

શિવકુટીમાં એક મંગલ પ્રભાતે દીદીએ (વિમલાજીએ) મ્હાના ટેબલ પર દીવડીઓની બેલડીના પાવન પ્રકાશમાં હૃદયની ગ્રંથિઓને, લાગણીઓને, સંવેદનાઓને, ભાવનાઓને ભેદતાં, સોંસરી ચેતનામાં પ્રવેશ કરતાં, આત્મપ્રદેશને સ્પર્શ કરતાં અહાલેક પોકાર્યો ને સમગ્ર અસ્તિત્વ છનનન સ્પંદનોથી રણઝણી ઊઠ્યું, ચેતનાને ઝંકૃત કરી દીધી; ચોંકાવી દીધી. હૃદયાકાશમાં ગેબી નાદના પ્રતિઘોષો ગૂંજી ઊઠ્યા : 'તારામાં મારું પરમધામ રચવાનું સાહસ છે ? એ ક્રાંતિ કરવાની ત્રેવડ છે? એની તીવ્ર તડપન, અદમ્ય તલસાટ છે ? મારા અક્ષરદેહની પ્રાણપ્રતિષ્ઠા કરવા માટેની તાલાવેલી-લગન છે? ઉત્કટ અભીપ્સા છે? પ્રભાએ રચેલા કોચલાને-આવરણોને નિર્મમતાથી ઉતરડવાનું—ઉધેડવાનું તપ આદરવાની તૈયારી છે? તૈયારી હોય તો જ આ માર્ગે ડગ ભરવાનું સાહસ કરજે.'

પહેલા જ પત્રમાં લખ્યું હતું : 'Seek not, Reject not.' મળવાની ઈચ્છા પ્રગટ કરી તો લખ્યું કે, 'One who really meets never parts.'

મારા અંતઃસત્ત્વને અનાવર કરવાનો અનુગ્રહ કરતાં લખ્યું કે, 'તારા જીવનમાં જ્ઞાનની ઉગ્ર ચર્ચાઓ, વિતંડાવાદને સ્થાન ન રહે. બધા વિવાદો મટી જાય. 'હું બધું જાણું છું ! હું જ સાચી છું.' જે કાંઇ થાય અથવા તારાથી જે કાંઇ કરાય એમાંથી 'હું' નીકળી જાય. કર્તાવિહોણી કર્મસરિતાને વહેવા દે. અહીં અહંકારને નામશેષ કરવાની વાત છે. લઘુત્તમ બનીને જીવવાની

તૈયારી હોય તેને જ શિવકુટીમાં રહેવાનો-પ્રવેશવાનો અધિકાર છે.'

એક પત્રમાં લખ્યું હતું કે, 'પ્રભા તને તો ઘડીઘડીને સુંવાળો શાલીગ્રામ બનાવી દઈશ. ક્યાંય અહંકારનો ઢેકો રહેવા દઈશ નહિ. મારી પાસે તારા વખાણની, તારી પ્રશસ્તિની અપેક્ષા રાખતી હોય તો એ છોડી દેજે. પ્રશસ્તિ સંભળાવીને તારા અહંકારને પુષ્ટ બનાવવાની ગુંજાઈશ મારામાં નથી. હું ક્યારેય તારા વખાણ કરવાની નથી. જાણું છું કે, તારે માટે તો એ ઘડી લપસણી ઘડી બની જશે.'

હસતાં-હસતાં દીદી કહેતાં, 'Fishing for compliment?' તને ખબર છે કે, આ બાબતમાં હું ઘણી કંજૂસ છું. કંજૂસ તમારી નબળાઈઓએ જ મને બનાવી છે.' દીદીની આ કંજૂસાઈમાં મારા કલ્યાણ માટેની પ્રચ્છન્ન ઔદાર્યની પ્રતીતિએ મને ધન્ય કરી મૂકી છે. તા. ૨૦-૮-૯૬ના પત્રમાં તેમણે સ્પષ્ટ લખ્યું :

**'પામવા પરમને તજ પામરતા,**
**ઝીલવા પ્રેમને ધર વિનમ્રતા.**
**સ્પર્શવા ગગનને લહ સુલીનતા,**
**નિરખવા હરિને ગ્રહ ચકોરતા.'**

એક પત્રમાં પ્રત્યુત્તરમાં દીદીએ લખ્યું : 'પ્રિય પ્રભા, તારો લખેલો દરેક શબ્દ સાચો પડો.' સમર્પણ તારો સ્વભાવ છે. મારી સાથે તારી આહુતિ રાષ્ટ્રયજ્ઞમાં આજે અર્પણ કરું છું. દાદા તને 'વિમલના બહિશ્ચર પ્રાણ' કહે છે. તેમના શબ્દો સાચા પડો.

**—શ્રી પ્રભા મરચન્ટ**



# ॥ પિતાનું પ્રાયશ્ચિત ॥

તારી નાનકડી હથેળી તારા ગાલ નીચે ચંપાયેલી છે. તારા પ્રસ્વેદભીના કપાળ પર તારાં મસ્ત ઝુલ્ફાં ચીપકાયેલાં છે. તું ઘસઘસાટ ઊંઘે છે. હું ચોરીછૂપીથી-ચૂપકીથી તારા ખંડમાં પ્રવેશું છું. થોડી મિનિટો પહેલાં તો હું ગ્રંથાલયમાં છાપું ઉથલાવતો બેઠો હતો. અને અચાનક આત્મગ્લાનિનું અકળાવી મૂકે એવું મોજું મારા પર શું ફરી વળ્યું કે અપરાધભાવ અનુભવતો હું તારી શય્યા પાસે આવી ઊભો.

દીકરા ! હું કંઈક આવું વિમાસતો હતો. હું તારાથી નારાજ હતો. તું નિશાળે જવા તૈયાર થતો હતો અને તે નેપકીનથી તારો ચહેરો ટપાર્યો—લૂછ્યા ના લૂછ્યા જેવું કર્યું એટલે મેં તને ઠપકાર્યો ! તેં તારા જોડાની ધૂળ બરાબર ન ખંખેરી એટલે મેં તને ખંખેરી નાખ્યો ! જ્યારે તેં તારી વસ્તુઓને ભોંય પર પછાડી, ત્યારે તો મેં ગુસ્સાથી ત્રાડ પાડી.

નાસ્તા વખતે પણ મેં તારો વાંક શોધી કાઢ્યો. તારાથી થોડું વેરાયું—ઢોળાયું, તેં ખાવાના ડૂચા ભર્યો, ટેબલ પર તારી કોણી ટેકવી, પાંઉ પર તેં માખણનો ખાસ્સો થર કર્યો. પછી તું રમવા ગયો અને હું મારી ગાડી પકડવા નીકળ્યો. પણ તું પાછો વળ્યો, તેં હાથ હલાવ્યો અને કહ્યું, 'આવજો ડેડી !' અને મેં ભવાં સંકોચી વળતો જવાબ આપ્યો, 'તારા ખભા સ્થિર રાખ.'

મોડી બપોરે પણ ઈતિહાસનું પુનરાવર્તન થયું ! મેં આવતાંવેંત જ જાસૂસી આદરી અને લખોટીઓ રમતા તારા

ઘૂંટણ નીચેના તારા મોજાંનાં છિદ્રો મને છિદ્રાન્વેષીને દેખાયાં ! મેં તને ઘરે જવાનું, મારાં પહેલાં પહોંચવાનું ફરમાન કરીને, તારા મિત્રો આગળ તારી અવમાનના કરી. ઘરે આવીને કહ્યું; ‘મોજાં કેવાં મોંઘાદાટ છે. એ તારે ખરીદવાં પડ્યાં હોત તો તને કેટલે વીસે સો થાય તેનો ખ્યાલ આવત ! ને તો તું તેની કાળજી રાખત.’ આવું એક પિતા પોતાના બાળકને કહે? કહી શકે?

પછી તને યાદ હશે કે હું ગ્રંથાલયમાં વાંચતો હતો ત્યારે કેવી ચૂપકીથી તું દિવસ આખાના આઘાતની વેદના આંખોમાં ભરીને અંદર આવેલો? જ્યારે મેં છાપામાંથી ડોકું બહાર કાઢ્યું ત્યારે રખેને મને ખલેલ પહોંચે એવી બીકે તું બારણા તરફ ખંચકાયો, ત્યારે મેં ઘાંટો પાડ્યો; ‘શું જોઇએ છે તારે અત્યારે?’ તેં કહ્યું, ‘કંઇ નહિ.’ પણ પછી અચાનક એક આંધિની જેમ ધસી આવી તેં મારા ગળાની આસપાસ તારા બાહુ વીંટાળી દઇ મને ચુંબન કર્યું ! ઉપેક્ષા—અવહેલનાથી મુરઝાય નહિ એવા તારા હૃદયમાં ઈશ્વરે વિકસાવેલા વહાલથી તારા નાનકડા કર મને દૃઢ વીંટળાયા હતા. અને પછી તો તું સડસડાટ દાદર ઉપર ચઢી ગયો !

પણ આ બાજુ વાંચવા લીધેલું છાપુ મારા હાથમાંથી નીચે ફસડાઇ ગયું ને એક ભયંકર ઉદ્વેગે મને ઘેરી લીધો. ‘મને આ કેવી ટેવ પડી ગઇ છે?’ હું વિમાસવા લાગ્યો; ‘વાંક શોધવાની આ કેવી આદત? તું બાળક છે એટલે મારે હંમેશાં તને ધમકીથી નવાજવાનો?’ મને તારા પર પ્રેમ નથી એવું તો હતું જ નહિ, હું તારી પાસે અપેક્ષાઓ અઢળક રાખતો હતો અને મારા આયુષ્યના વર્ષોના માપથી તને માપ્યા કરતો હતો !



તારામાં સારું, સુંદર, સાચું એવું કેટલું બધું ભર્યું છે ! તારું નાનકડું હૃદય કોઇ વિસ્તીર્ણ ટેકરીઓ પર પથરાયેલા પ્રભાત જેવું જ વિશાળ છે, ને આ પ્રતીતિ તેં સહજભાવે, નિઃસંકોચપણે, ઊલટભાવથી કરેલા તારા ‘શુભરાત્રિ’ના ચુંબન દ્વારા મને કરાવી છે.

દીકરા, આનાથી અધિક એક પિતાને શું જોઇએ? હું અંધારામાં તારી પથારી પાસે ઘૂંટણિયે પડ્યો છું, શરમિન્દો બન્યો છું.

આ પ્રાયશ્ચિત છે પણ ખોખલું છે. હું જાણું છું કે તું જ્યારે જાગીશ અને હું તને આ રામકહાણી કહીશ તો તને એ સમજાશે પણ નહિ. પણ દીકારા આવતીકાલે હું તારો સાચુકલો પિતા હોઇશ. હું તારો મિત્ર બનીને રહીશ. તારા દુઃખે દુઃખી થઇશ અને તારા સુખે સુખી થઇશ.

અને જો મારી વાચા નિરંકુશ બનશે તો હું જીભ કરડી લઇશ.

હું એક મંત્રની જેમ રટ્યા કરીશ : ‘તું એક બાળક છે, નાનકું—લાડકું બાળક છે, બીજું કંઇ નથી, બીજું કોઇ નથી.’

મને બરાબર સમજાઇ ગયું છે કે, ‘મારી અપેક્ષાઓ જ વધારે પડતી હતી, ઘણી વધારે હતી.’

મેં તને એક મોટા માણસ તરીકે જ નિહાળવાનો અપરાધ કર્યો છે, જ્યારે તું હજી તો નાનું બાળક જ છો.

**—લિવિંગસ્ટન**

(ભાવાનુવાદ)

# ॥ એક ઝેનકથા ॥

## (ડૉક્ટર અને ઝેન)

વર્ષો અગાઉ ટૉકિયો શહેરમાં કુસુડા નામનો એક પ્રસિદ્ધ ડૉક્ટર રહેતો હતો. પોતાનો એક જૂનો મિત્ર તેની પાસે આવ્યો. ત્યારે તેણે પૂછ્યું : 'મિત્ર આજકાલ શું કરો છો?

મિત્ર : 'હમણાં તો હું ઝેનનો અભ્યાસ કરું છું.'

ડૉક્ટર : એ ઝેન એટલે શું?

મિત્ર : ઝેન શું છે? તે હું તને સમજાવી શકતો નથી. પરંતુ હું એટલું તો જાણું છું કે ઝેનમાર્ગીને મૃત્યુનો ભય રહેતો નથી.

ડૉક્ટર : એ તો બહુ સારું ! મારે પણ એ વિદ્યા શીખવી છે. કોઈ સારો ગુરુ હોય તો બતાવ.

ત્યારે મિત્રે ત્યાંના પ્રખ્યાત ઝેનગુરુ નાન-ઈન પાસે જવા કહ્યું. ડૉક્ટર કુસુડા જવા તૈયાર થયો. પાસે એક મોટો છરો સંતાડીને લઈ ગયા, જેથી ગુરુની પરીક્ષા કરી શકાય કે તેઓ ખરેખર મૃત્યુથી ડરે છે કે નહિ !

ગુરુ નાન-ઈન મઠમાં બેઠા હતા. સામેથી કુસુડાને આવતા જોઈ, તરત જ બોલી ઊઠ્યો : 'કેમ ભાઈ ! બહુ દિવસે દેખાયાને ?'

કુસુડા ચમક્યો કહે : પણ આપણે તો આ અગાઉ ક્યારેય મળ્યા નથી.

નાન-ઈન : 'એમ ! તો ક્યાંક મારી ભૂલ થતી હશે, કારણ



કે તમારા જેવા જ એક ડૉક્ટર અહીં ઝેન વિશે શીખવા આવે છે.'

આમ વાત ચાલતી હતી તેમાં કુસુડા ગુરુની પરીક્ષા કરવાનું ભૂલી ગયો ! તે કહે : 'મને પણ કૃપા કરી ઝેન શીખવો.'

નાન-ઈન કહે : 'ડૉક્ટરો માટે તો એ બહુ સહેલું છે. 'એમાં તો તમારે બીજું કાંઈ જ કરવાનું નથી. દર્દીઓ પ્રત્યે દયા બતાવો એ જ ઝેન !'

કુસુડા  તે દિવસે ગુરુને પ્રણામ કરીને પાછો ફર્યો. ત્યારબાદ તે ત્રણચાર વાર મઠમાં જઈ, ગુરુ પાસે બેઠો. દરેક વખતે નાન-ઈન ફક્ત એક જ વાત કહેતા. આ વખતે તેમણે કહ્યું : 'ડૉક્ટરે આવી રીતે પોતાનો સમય વેડફી નાખવો જોઈએ નહિ. માટે તમે દર્દીઓની સેવામાં જ તમારો બધો સમય આપો.'

સંકલન : શ્રી નીલરત્ન દેસાઈ

'ધર્મ' શબ્દને ફૂંક મારીને જોવું કે એમાં પ્રજ્વલિત અગ્નિ છે કે ઠંડીગાર રાખ ? ધર્મને વિચારના સ્પંદન તરીકે જોવાને બદલે કૃત્રિમ સિદ્ધાન્ત તરીકે જોઈએ છીએ ત્યારે ગમે તેવો મહાન વિચાર જડ થઈ જાય. 'અધ્યાત્મ' અત્યંત સરળ છે. જેવું અંદર તેવું બહાર ! ધાર્મિકતા એ દંભ-પાખંડ-અભિનય નથી, ચિત્તશુદ્ધિનું સાધન છે, એ અધ્યાત્મ તરફ લઈ જાય.

# ॥ હે કૃપાળુ ॥

હે કૃપાળુ !

ધર્મથી દૂર ભાગનારો હું, તમે ધર્મને જ મારા જીવનમાં વણી લીધો ફક્ત સ્વાર્થ પાછળ દોડનારાને તમે નિઃસ્વાર્થ સેવામાં જોડી (તમે) સંતોષથી ભરી દીધો !

સંસારના સપનામાં રાચનારા એવા મને, (તમે) સમયક્ દર્શનનાં સ્વપ્ન જોતો કરી દીધો ગરજ ક્યાં હતી 'આત્માની' મને ? તમે મળ્યા અને હું 'સ્વરૂપને ઝંખતો થઈ ગયો. અત્યંત કરુણા કરી, મારા જીવનમાં આપ પ્રવેશ્યા. ને મારા સંસારનો પાયો જ હચમચાવી નાખ્યો. નિઃસ્વાર્થ નિષ્પ્રયોજન સ્નેહ વરસાવી અંતરપ્રદેશની બળબળતી ગરમીમાં શીતળતાનો અનુભવ કરાવ્યો.'

મારી શુષ્ક જિન્દગીમાં ભાવોની ભીનાશ ભરી મને પ્રભુ તરફ વાળ્યો મારો હૃદયપલટો કરી, અધર્મની જગ્યાએ ધર્મનું સામ્રાજ્ય સ્થાપ્યું.

મારામાં આટલો બધો રસ લેનાર કોણ હતો ?

સાવ જડ અને વક્ર હતો હું.

આપના પરમ પ્રતાપે હું જડમાંથી જીવંત બન્યો છું.

મને કોણ કહેનાર હતું 'અંતરમાં જાગ.'

'આત્મા' શબ્દ સાંભળ્યો હતો

પણ સમજાવ્યો આપે ! આપ મળ્યા અને આત્મસ્વભાવનો મહિમા ઘૂંટાવ્યો.



એની પ્રાપ્તિને જીવનધ્યેય બનાવ્યું.

હે મારા પરમકૃપાળુ !

'પરમાત્મા' શબ્દ તો હજારો વખત સાંભળ્યો, વાંચ્યો પણ કળી શક્યો નહોતો.

આપને જોયા ને લાગ્યું કે પરમાત્માને જોયા ! આપને સ્પર્શ્યા ને લાગ્યું પરમાત્માનો સ્પર્શ કર્યો ! આપને ઓળખ્યા ને જાણે પરમાત્માને અનુભવ્યા ! હવે 'પરમાત્મા' શબ્દ નહીં, સાકાર થતો જાય છે અગોચર નહીં, સાક્ષાત પ્રત્યક્ષ નજરાય છે ! રહસ્યમય ઓછો, રસમય થતો જાય છે.

હે કૃપાળુ ! ગુરુ દ્વારા પરમાત્માનાં દર્શન પામવા ભલેને આખી દુનિયા મથે મને તો હે ગુરુ આપમાં જ પરમાત્માનાં દર્શન થાય છે. પરમાત્માનાં દર્શન થાય છે.

**પ્રભુમિલનભક્તિગ્રુપ, મુંબઈ**
**(સંકલન)**

'My time no longer belongs to me I have nothing to offer thee For all things are thine. Here I lay at thy feet My life, My Limbs, My thoughts. Speech-Silence...For they are THINE.'